dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-322 | AD-2026, Shravan Sud-15 | Friday, Dt. 28-08-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### નેપાળમાં રાહત સામગ્રી સાથે બે વિમાન મોકલાયા, બચાવ કામગીરી માટે સતત કામગીરી

# નેપાળ દુર્ઘટનામાં ૨૮૮ ભારતીયો ગૂમ, મોટાભાગના કૈલાશ માનસરોવર યાત્રાળુઓ

નવી દિલ્હી, તા.૨૭

નેપાળમાં ભોટેકોશી નદીમાં આવેલા અચાનક પૂર અને તેના કારણે સર્જાયેલી દુર્ઘટનામાં ૨૮૮ ભારતીય નાગરિકો ગુમ હોવાનું વિદેશ મંત્રાલયે જણાવ્યું છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે માહિતી આપતાં જણાવ્યું હતું કે ગુમ થયેલા ભારતીયોમાં મોટાભાગના કૈલાશ માનસરોવર યાત્રાળુઓનો સમાવેશ થાય છે.

જયસ્વાલના જણાવ્યા અનુસાર, ગુમ થયેલા ૨૮૮ ભારતીયોમાંથી ૭૩ લોકો ત્રિશુલી પાવર પ્રોજેક્ટમાં કામ કરતા હતા. આ ઉપરાંત તમિલનાડુના ૩૭ અને ૩૯ લોકોના બે જૂથ કૈલાશ માનસરોવર યાત્રા પર છે. પશ્ચિમ બંગાળના ૩૨ લોકોનું એક જૂથ પણ યાત્રા દરમિયાન ગુમ થયું છે. કેરળના ૩૩ લોકોનું એક જૂથ પણ નેપાળમાં સંપર્કવિહોણું છે. આમ, કૈલાશ માનસરોવર યાત્રા સાથે સંકળાયેલા કુલ પાંચ જૂથો ગુમ હોવાનું જણાવાયું છે. નેપાળમાં વિવિધ રાજ્યોના અન્ય ૬૧ ભારતીયોનો પણ સંપર્ક થઈ શક્યો નથી.

દરમિયાન, તમિલનાડુના ૨૧ ગુમ થયેલા લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. તેમને ટૂંક સમયમાં કાઠમંડુથી નવી દિલ્હી લાવવામાં આવશે. ચીનમાં પણ આશરે ૨૦૦ કૈલાશ માનસરોવર યાત્રાળુઓ ફસાયેલા હોવાનું વિદેશ મંત્રાલયે જણાવ્યું છે. તેમને પણ ભારત પરત લાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે.



ભારતે નેપાળને રાહત અને બચાવ કામગીરીમાં સહાય માટે બે વિમાન મોકલ્યાં છે. બુધવારે સી-૧૩૦ વિમાન દ્વારા ૧૦ ટન રાહત સામગ્રી મોકલવામાં આવી હતી, જેમાં કામચલાઉ આશ્રયસ્થાનો અને દવાઓનો સમાવેશ થાય છે. ત્યારબાદ સી-૧૭ વિમાન દ્વારા વધુ ૩૭ ટન રાહત સામગ્રી મોકલવામાં આવી છે. તેમાં આઠ ટન દવાઓ અને એક ટન ખાદ્ય સામગ્રીનો સમાવેશ થાય છે. બે દિવસમાં કુલ ૪૭ ટન રાહત સામગ્રી નેપાળ પહોંચાડવામાં આવી છે.

વિદેશ મંત્રાલયમાં કંટ્રોલ રૂમ સ્થાપિત કરવામાં આવ્યો છે અને નેપાળ તથા બેઈજિંગ સ્થિત ભારતીય દૂતાવાસો સાથે સતત સંપર્ક જાળવવામાં આવી રહ્યો છે. પૂરથી નેપાળમાં સંચાર વ્યવસ્થા ખોરવાઈ હોવાથી અનેક લોકોનો સંપર્ક થઈ શક્યો નથી. બંને દૂતાવાસો ૨૪ કલાક હેલ્પલાઈન મારફતે મદદ કરી રહ્યા છે.

વિદેશ મંત્રી એસ. જયશંકરે પણ નેપાળની સ્થિતિ અંગે સમીક્ષા બેઠક યોજી હતી. બેઠકમાં રાહત-બચાવ કામગીરી, ભારતીય નાગરિકોની સલામતી અને અસરગ્રસ્ત વિસ્તારોની સ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. વિદેશ મંત્રાલય વિવિધ મંત્રાલયો, રાજ્ય સરકારો, ટૂર ઓપરેટરો અને પ્રોજેક્ટ અધિકારીઓ સાથે સંકલન કરીને પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે.

વિદેશ મંત્રાલય આ સંદર્ભમાં વિવિધ મંત્રાલયો, રાજ્ય સરકારો, ટૂર ઓપરેટરો અને પ્રોજેક્ટ અધિકારીઓ સાથે સંકલન કરી રહ્યું છે. "અમે રાહત અને બચાવ કામગીરી તેમજ આ બાબતે નેપાળ સરકાર અને સંબંધિત અધિકારીઓ સાથે ગાઢ સંપર્કમાં છીએ અને નજીકથી કામ કરી રહ્યા છીએ."

# ન્યૂયોર્કમાં સંઘ વડા મોહન ભાગવતના કાર્યક્રમ સામે મેયર મમદાનીએ વિરોધ વ્યક્ત કર્યો

નવી દિલ્હી, તા.૨૭

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવત બુધવારે અમેરિકાની મુલાકાતે પહોંચ્યા છે. તેમનો કાર્યક્રમ ૨૯ ઓગસ્ટે ન્યૂયોર્કના મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં યોજાવાનો છે, જેમાં ભારતીય સમુદાયના ૫,૦૦૦થી વધુ લોકો ઉપસ્થિત રહેવાની શક્યતા છે. જોકે, કાર્યક્રમને લઈને વિવાદ ઊભો થયો છે. ભારતીય અમેરિકન મુસ્લિમ કાઉન્સિલ સહિત કેટલાક સંગઠનોએ ભાગવતના કાર્યક્રમ



સામે વિરોધ નોંધાવ્યો છે અને કાર્યક્રમની પરવાનગી રદ કરવાની માંગ કરી છે. ન્યૂયોર્કના મેયર ઝોહરાન મમદાનીએ પણ આરએસએસની વિચારધારા અંગે અસહમતિ વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે તેઓ વિભાજનકારી વિચારસરણીને સમર્થન આપતા નથી અને તેનો વિરોધ કરે છે. મમદાનીએ કહ્યું કે તેઓ ન્યૂયોર્કના પ્રથમ ભારતીય-અમેરિકન મેયર છે અને તેમનો પરિવાર ભારતમાં રહે છે. તેમના મતે ભારત એવો દેશ હોવો જોઈએ જ્યાં તમામ ધર્મ અને સમુદાયના લોકો પરસ્પર સુમેળથી રહે. તેમણે દેશમાં વિભાજનકારી વિચારધારાના ઉદયને ચિંતાજનક ગણાવ્યો હતો. જોકે, ખાનગી કાર્યક્રમ રદ કરવાનો અધિકાર મેયર પાસે છે કે નહીં તે અંગે તેમને સ્પષ્ટતા ન હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. બીજી તરફ, અમેરિકન ગાયિકા મેરી મિલબેને મમદાનીની ટીકા કરી છે. તેમણે ભાગવતના કાર્યક્રમના વિરોધને રાજકીય વિચારધારા સાથે જોડ્યો અને કાર્યક્રમ યોજાશે તેવો દાવો કર્યો હતો. મિલબેનને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સમર્થક તરીકે ઓળખવામાં આવે છે. આ સમગ્ર મામલે મોહન ભાગવતનો ન્યૂયોર્ક કાર્યક્રમ રાજકીય અને સામાજિક ચર્ચાનો વિષય બન્યો છે.

# કાનપુરમાં તાલીમ વિમાન વિસ્ફોટ બાદ ક્રેશ થતાં બે પાઈલટનાં મોત

કાનપુર, તા.૨૭

ઉત્તર પ્રદેશના કાનપુરમાં ગુરુવારે બપોરે એક તાલીમ વિમાન ક્રેશ થતાં બે પાઈલટનાં મોત થયા હતા. મૃતકોમાં ગુજરાતના રહેવાસી પ્રશિક્ષક સચિન ભાટિયા અને કર્ણાટકના રહેવાસી તાલીમી પાઈલટ અભિષેક પૂજારીનો સમાવેશ થાય છે. ગંગા નદીના કિનારે આવેલા નાથા પૂર્વા ગામ નજીક આ દુર્ઘટના બની હતી. પ્રાથમિક માહિતી મુજબ, બે એન્જિનવાળા વિમાનમાં બંને પાઈલટ સવાર હતા. વિમાને સવારે આશરે



૧૧:૩૦ વાગ્યે તાલીમ કેન્દ્રથી ઉડાન ભરી હતી. પરત ફરતી વખતે આશરે ૨૦ મિનિટ બાદ અચાનક જોરદાર વિસ્ફોટ થયો હતો. ત્યારબાદ વિમાન બેકાબૂ બનીને જમીન પર તૂટી પડ્યું હતું. અકસ્માત બાદ ઘટનાસ્થળે ધુમાડો અને વિમાનનો કાટમાળ ફેલાઈ ગયો હતો. વિમાન ક્રેશ થતાં થયેલા જોરદાર અવાજથી આસપાસના ગામોમાં ભયનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. માહિતી મળતાં પોલીસ અને વહીવટી તંત્રની ટીમો પણ તાત્કાલિક પહોંચી હતી. એક પાઈલટનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે ગંભીર રીતે ઘાયલ થયેલા બીજા પાઈલટને કાટમાળમાંથી બહાર કાઢીને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન તેમનું પણ મોત થયું હતું. પોલીસે ઘટનાસ્થળને કોર્ડન કરી કાટમાળ નજીક લોકોને જતાં અટકાવ્યા હતા. અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા તપાસ શરૂ કરવામાં આવી છે. વિસ્ફોટ, ટેકનિકલ ખામી કે અન્ય કોઈ કારણ જવાબદાર છે કે કેમ તે અંગે તપાસ ચાલી રહી છે.

### પાલનાડુમાં ચિલાકાલુરીપેટ નજીક સર્જાયેલી દુર્ઘટના

# આંધ્રપ્રદેશમાં બસ-ઓટો વચ્ચે અકસ્માતમાં ૭નાં મોત

હૈદરાબાદ, તા.૨૭

આંધ્રપ્રદેશના પાલનાડુ જિલ્લામાં ગુરુવારે ખાનગી ટ્રાવેલ બસ અને ઓટો-રિક્ષા વચ્ચે ભીષણ અકસ્માત સર્જાયો હતો. ચિલાકાલુરીપેટના અદ્દા રોડ નજીક બનેલી આ દુર્ઘટનામાં સાત લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાપ્ત



માહિતી અનુસાર, ખાનગી ટ્રાવેલ બસ વિજયવાડાથી ચેન્નાઈ તરફ જઈ રહી હતી.

આ દરમિયાન બસની ઓટો-રિક્ષા સાથે જોરદાર ટક્કર થઈ હતી. ઓટો-રિક્ષામાં સવાર લોકો એક કાર્યક્રમમાં હાજરી આપવા કોંડા મંજુરુથી વેલ્લોર જઈ રહ્યા હતા. અકસ્માતની જાણ થતાં સ્થાનિક પોલીસ અને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. આ દુર્ઘટના અંગે આંધ્રપ્રદેશના પરિવહન મંત્રી મંડીપલ્લી રામપ્રસાદ રેડ્ડીએ ઊંડો શોક વ્યક્ત કર્યો હતો.

તેમણે શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઘાયલોને શ્રેષ્ઠ સારવાર મળે તે સુનિશ્ચિત કરવા અધિકારીઓને સૂચના આપી હતી. સાથે જ અકસ્માત સ્થળની સ્થિતિ સંભાળવા અને ટ્રાફિક વ્યવસ્થા સામાન્ય કરવા પણ અધિકારીઓને નિર્દેશ આપ્યો હતો.મંત્રીએ લોકોને માર્ગ સલામતીના નિયમોનું પાલન કરી સાવચેતીપૂર્વક વાહન ચલાવવા અપીલ કરી હતી. પોલીસે અકસ્માતના કારણ અંગે તપાસ શરૂ કરી છે.

# જૌનપુર હત્યા કેસમાં ચાર ભાઈઓને આજીવન કેદ

જૌનપુર,તા.૨૭

જૌનપુર કોર્ટે ૨૨ વર્ષ જૂના હત્યા કેસમાં સપા સાંસદના પ્રતિનિધિ મનોજ મૌર્ય સહિત ચાર ભાઈઓને આજીવન કેદની સજા ફટકારી છે. કોર્ટે તમામને રૂ. ૮૦ હજારનો દંડ પણ કર્યો છે. ૧૬ ઓગસ્ટ, ૨૦૦૪ના રોજ જમીન વિવાદને પગલે આશિષ મૌર્યની ધોળા દિવસે ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં રામ સેવક મૌર્ય, અશ્વની મૌર્ય, પવન મૌર્ય અને મનોજ મૌર્યને દોષિત ઠેરવાયા હતા. બે આરોપીઓને




નિર્દોષ જાહેર કરાયા હતા, જ્યારે એક આરોપીનું ટ્રાયલ દરમિયાન મૃત્યુ થયું હતું. ચુકાદા બાદ ચારેયને ન્યાયિક કસ્ટડીમાં લઈ જેલમાં મોકલાયા છે.









# એમ.એમ. યાજ્ઞિક હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ સંજોગ ન્યૂઝની મુલાકાત લીધી

**પ્રેસ, ન્યૂઝ પેપરના પ્રકાશન અને રોજગારી અંગે વિદ્યાર્થીઓએ મેળવી માહિતી**





અમરેલી, તા.૨૭

ગુરૂવારના રોજ એમ.એમ. યાજ્ઞિક હાઈસ્કૂલના ધોરણ-૯માં વોકેશનલ વિષય IT/ITES અંતર્ગત અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અમરેલી સ્થિત સંજોગ ન્યૂઝની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન સંજોગ ન્યૂઝના સુરેશભાઈ દેસાઈએ વિદ્યાર્થીઓને પ્રેસની કામગીરી અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે પ્રેસમાં ઉપયોગમાં લેવાતી વિવિધ મશીનરી, ન્યૂઝ એકત્રિત કરવાની પ્રક્રિયા તેમજ ન્યૂઝ પેપરની શરૂઆતથી લઈને તેના પ્રકાશન સુધીની સમગ્ર પ્રક્રિયા વિદ્યાર્થીઓને સરળતાથી સમજાવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓને મૂંઝવતા વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબો પણ આપવામાં આવ્યા હતા. સુરેશભાઈ દેસાઈએ વિદ્યાર્થીઓને IT/ITES સહિત વિવિધ ક્ષેત્રોમાં ભવિષ્યમાં ઉપલબ્ધ રોજગારીની તકો અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું. સંજોગ ન્યૂઝની મુલાકાત બાદ વિદ્યાર્થીઓ આનંદ વ્યકત કર્યો હતો.

# મોટી કુંકાવાવમાં દેશી દારૂનું ગેરકાયદે વેચાણ બંધ કરાવવા SPને વિપક્ષી નેતાની રજૂઆત

અમરેલી,તા.૨૭

મોટી કુંકાવાવ ગામમાં ખુલ્લેઆમ થઈ રહેલા દેશી દારૂના ગેરકાયદેસર વેચાણને તાત્કાલિક અટકાવવા અને બુટલેગરો સામે કડક કાર્યવાહી કરવા અંગે અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષકને રજૂઆત કરવામાં આવી છે. કુંકાવાવ/વડિયા તાલુકા પંચાયતના વિપક્ષી નેતા અને આમ આદમી પાર્ટીના નેતા નેહાબેન નિતીનભાઈ ગોંડલીયા દ્વારા પાઠવવામાં આવેલા પત્રમાં જણાવાયું છે કે ગામમાં ચાલતા દારૂના અડ્ડાઓને કારણે ગામનું શાંતિપૂર્ણ વાતાવરણ જોખમાઈ રહ્યું છે. દારૂના રવાડે ચડીને યુવાધન બરબાદ થઈ રહ્યું છે તેમજ અસામાજિક તત્વોના કારણે કાયદો-વ્યવસ્થાની સ્થિતિ વણસી રહી છે.આ ઉપરાંત રાત્રિના સમયે મહિલાઓ અને દીકરીઓ માટે અસલામતી ઊભી થતી હોવાનું દર્શાવીને ગામમાં ચાલતા દારૂના અડ્ડાઓ પર દરોડા પાડીને જવાબદારો સામે કાયદેસરની સખત કાર્યવાહી કરવાની માંગ કરાઈ છે. અગાઉ મૌખિક રજૂઆતો કરવા છતાં કોઈ કાયમી અંકુશ ન આવતા બુટલેગરો નિર્ભય બન્યા હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. આ રજૂઆતની એક નકલ વડિયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરને પણ જરૂરી કાર્યવાહી અર્થે રવાના કરવામાં આવી છે.

# જાફરાબાદમાં વાંધાજનક પોસ્ટ મામલે કામધેનુ ગૌ સેવા ટ્રસ્ટે મામલતદારને રજૂઆત કરી



અમરેલી,તા.૨૭

જાફરાબાદ ખાતે કામધેનુ ગૌ સેવા ટ્રસ્ટ દ્વારા વોટ્સએપ ગ્રુપમાં ટ્રસ્ટ તથા ગૌશાળા અંગે અપમાનજનક અને વાંધાજનક પોસ્ટ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ સાથે મામલતદાર કચેરીમાં લેખિત અરજી કરવામાં આવી છે. અરજીમાં જણાવ્યા મુજબ, તા. ૨૩ જૂન ૨૦૨૫ના રોજ જાફરાબાદ ખારા સમાજના એક આગેવાને પોતાના મોબાઈલ નંબર પરથી અલગ-અલગ વોટ્સએપ ગ્રુપમાં ગૌશાળાને નિશાન બનાવી પોસ્ટ કરી હતી. આ પોસ્ટથી ટ્રસ્ટની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ થયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ટ્રસ્ટે પોસ્ટના મૂળ સ્ત્રોત અને જવાબદાર વ્યક્તિની ઓળખ કરી નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી છે. તેમજ સમાજમાં વૈમનસ્ય કે અશાંતિ ફેલાય તેવી સામગ્રી અંગે ભારતીય ન્યાય સંહિતા અને લાગુ પડતા સાયબર કાયદા હેઠળ કાર્યવાહી કરવાની રજૂઆત કરાઈ છે.

# અમરેલીમાં ૨૫૫ તેજસ્વી વિદ્યાર્થીઓનો ભવ્ય સરસ્વતી સન્માન કાર્યક્રમ યોજાયો



અમરેલી,તા.૨૭

અમરેલી ખાતે ગુર્જર ક્ષત્રિય કડીયા જ્ઞાતિ સમાજના પ્રમુખ ભરતભાઈ ટાંકના માર્ગદર્શન હેઠળ કેળવણી સહાયક મંડળ દ્વારા 'સરસ્વતી સન્માન સમારંભ' યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના તથા સરસ્વતી માતા, ભગવાન વિશ્વકર્મા અને ગુરુવર્ય શામજીબાપુ સમક્ષ દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ઉર્જા અને કાયદા મંત્રી કૌશિકભાઈ વેકરિયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ધોરણ ૧થી કોલેજ કક્ષા સુધીના કુલ ૨૫૫ તેજસ્વી વિદ્યાર્થીઓને પુરસ્કાર અને સન્માન આપી પ્રોત્સાહિત કરાયા હતા. સમાજના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. કાર્યક્રમના અંતે મહેમાનો, વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. કેળવણી સહાયક મંડળના પ્રમુખ રમણીકભાઈ મારુએ સૌનો આભાર માન્યો હતો.

# લોકશાળા ખડસસલી ખાતે ગ્રાહક સુરક્ષા સેમિનાર યોજાયો



અમરેલી,તા.૨૭

ખડસસલીની લોકશાળામાં સાવરકુંડલા ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા ગ્રાહક સુરક્ષા સેમિનાર યોજાયો હતો. કાર્યક્રમમાં પ્રમુખ હિરાણી, પત્રકાર બિપીનભાઈ પાંધી અને અધ્યાપન મંદિરના ડો. રવિ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. પાંધી સાહેબે ગ્રાહક સુરક્ષા કાયદા અને ખરીદી વખતે રાખવાની કાળજી અંગે માહિતી આપી હતી. ડો. મહેતાએ પાકું બિલ લેવા અને એમઆરપીથી વધુ કિંમત ન ચૂકવવા સમજાવ્યું હતું. હિરાણી સાહેબે દૂધ, પનીર, ખાંડ અને ચાની ભૂકી સહિતની વસ્તુઓમાં થતી ભેળસેળ ઓળખવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા શિક્ષકો ગોવાભાઈ ગાગીયા, રાજશ્રીબેન નિમાવત અને કિશનભાઈ બલિયાએ જહેમત ઉઠાવી હતી.

# વડિયામાં ઈદે મિલાદની ભવ્ય ઉજવણી કરાઈ



વડિયા,તા.૨૭

વડિયા ખાતે સુન્ની મુસ્લિમ સમાજ દ્વારા ઈદે મિલાદની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પયગંબર હઝરત મોહંમદ મુસ્તફા સાહેબના જન્મદિન નિમિત્તે મુસ્લિમ વિસ્તારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. છેલ્લા ૧૨ દિવસથી યોજાઈ રહેલી વાએઝની પૂર્ણાહુતિ પ્રસંગે બુધવારે સવારે ભવ્ય ઝુલુસ યોજાયું હતું. ઝુલુસ જુમ્મા મસ્જિદથી નીકળી ગાંધી ચોક, પેલેસ રોડ, શિવાજી ચોક અને સરદાર ચોક થઈ ગેબનશાહ પીરની દરગાહ ખાતે પૂર્ણ થયું હતું. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે યોજાયેલા ઝુલુસમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતા.

# રાજુલામાં રામદૂત હનુમાનજી મંદિરે બહેના દ્વારા સત્સંગ સભા



રાજુલા,તા.૨૭

રાજુલા શહેરમાં ઉદ્યોગ મંદિરની બાજુમાં આવેલ રામદૂત હનુમાનજી મંદિરે રામટેકરી વિસ્તારની બહેનો દ્વારા પ્રથમવાર ભવ્ય સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રાવણ માસના બીજા સોમવારે યોજાયેલા સત્સંગમાં બહેનોએ હનુમાનજી મહારાજને માળા અને થાળ ધરી ભક્તિભાવપૂર્વક ધૂનની રમઝટ બોલાવી હતી. સમગ્ર મંદિર પરિસર ભક્તિમય બની ગયું હતું અને રામદૂત હનુમાનજી મહારાજના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું. આ પ્રસંગે બહેનો અને દીકરીઓ દ્વારા ઉપસ્થિત ભક્તોને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# વડીયા-કુંકાવાવ ઉત્કર્ષ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મહાસન્માન સમારોહનું આયોજન

**વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરનાર મહાનુભાવોનું સન્માન કરાશે**

અમરેલી,તા.૨૭

ઉત્કર્ષ ચેરિટેબલ ટ્રસ્ટ કુંડાવાવ-વડિયા દ્વારા પદાર્પણ-લોકાર્પણ અવસરે તાલુકાના વિશિષ્ટ, પ્રતિષ્ઠિત, દેશસેવક, સંયુક્ત પરિવાર, શતાબ્દી મહોત્સવ, ગૌસેવક તેમજ સંતો-મહંતો સહિતના મહાનુભાવોનું મહાસન્માન સમારોહ યોજાશે. આ પ્રસંગે ૫૪ ગામોત્સવ નિર્માણ દ્વારા લોકજાગૃતિના હેતુથી હડવા (રાંદલ)થી હનુમાન ખીજડીયા સુધી બાઈક રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. રેલી તા. ૩૦ ઓગસ્ટ, રવિવારના રોજ સવારે ૬:૩૦ કલાકે યોજાશે. ત્યારબાદ સવારે ૧૧:૧૫ કલાકે મકનપુરા ધામ, ચૌકી ખાતે રેલી વિસામો યોજાશે. બપોરે ૩:૩૦ કલાકે ભુવા પરિવાર સમાજવાડી, હનુમાન ખીજડીયા ખાતે મહાસન્માન સમારોહનું આયોજન કરાયું છે. સાંજે ૫:૩૦ કલાકે ત્યાં જ સ્પર્શી ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં ઉત્કર્ષ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ, ટ્રસ્ટીઓ તથા સભ્યો ઉપસ્થિત રહી મહાનુભાવોનું સન્માન કરશે.

# અમરેલી જિલ્લા મહિલા ખોડલધામ સમિતિ દ્વારા શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરાશે

અમરેલી,તા.૨૭

અમરેલી જિલ્લા ખોડલધામ મહિલા સમિતિ દ્વારા તા.૨૯ને શનિવારે રાત્રે ૮:૩૦ કલાકે વિદ્યાસભા લાઠી રોડ ખાતે શ્રીકૃષ્ણ જન્મોત્સવની ભક્તિમય અને આનંદમય ઉજવણી કરવામાં આવશે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જિલ્લા ખોડલધામ સમિતિની મહિલાઓ આ પ્રસંગે ભગવાન શ્રીકૃષ્ણના જીવન અને તેમના ઉપદેશોના મહત્વ અંગે વક્તવ્ય આપવામાં આપશે.શ્રીકૃષ્ણનું જીવન પ્રેમ, કરુણા, ધર્મ, કર્મ અને કર્તવ્યનો સંદેશ આપે છે. મથુરામાં જન્મેલા કાનુડાએ ગોકુળ અને વૃંદાવનમાં બાળલીલાઓ કરી હતી. જ્યારે મહાભારતના યુધ્ધમાં અર્જુનને ભગવદ્ ગીતાનો ઉપદેશ આપી કર્મયોગ અને ધર્મનો માર્ગ બતાવ્યો હતો. જન્મોત્સવ દરમિયાન ભક્તિ ગીતો અને જયઘોષ કરવામાં આવશે. મહિલા સમિતિ દ્વારા જણાવાયું હતું કે આવા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી નવી પેઢીને ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારો સાથે જોડવાનો પ્રયાસ થાય છે. મહિલાઓ પરિવાર અને સમાજના સંસ્કારોની મુખ્ય શિલ્પી બની રહી છે.શ્રી કૃષ્ણ જન્મોત્સવમાં ભક્તજનોને ઉપસ્થિત રહેવા રહેવા મહિલા કન્વીનર સરલાબેન ગજેરાએ જણાવ્યુ છે.









**રક્ષાબંધનના પર્વે શ્રમિકો પોતાની બહેનો પાસે પહોંચી શકે તે માટે એસ.ટી.ડેપોનું વિશેષ આયોજન**

# બગસરાથી ઉપડતી બસમાં પરપ્રાંતિય મસાફરોની ભારે ભીડ

બગસરા,તા.૨૭

આજે રક્ષાબંધનનો પવિત્ર તહેવાર હોવાથી પરપ્રાંતિય શ્રમિકો અને મુસાફરો પોતાના વતન જઈ પરિવારજનો સાથે રક્ષાબંધનનો પર્વ ઉજવવા માટે મોટી સંખ્યામાં એસ.ટી. બસનો ઉપયોગ કરી રહ્યા છે. જેના પગલે બગસરાથી ઉપડતી મોટાભાગની એસ.ટી. બસોમાં છેલ્લા ચાર દિવસથી મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે. મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને બગસરા એસ.ટી. ડેપો દ્વારા વધારાની બસો દોડાવીને મુસાફરોને તેમના વતન સુધી પહોંચાડવા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.ખાસ કરીને ફતેપુરા, દાહોદ તેમજ રાજસ્થાન અને મધ્યપ્રદેશની સરહદ નજીકના વિસ્તારો તરફ જતી બસોમાં મુસાફરોનો ભારે ટ્રાફિક જોવા મળી રહ્યો છે.

રક્ષાબંધનના તહેવાર નિમિત્તે મોટી સંખ્યામાં પરપ્રાંતિય શ્રમિકો પોતાના પરિવારજનો અને બહેનો સાથે તહેવારની ઉજવણી કરવા માટે વતન તરફ જઈ રહ્યા છે. જેના કારણે બગસરા બસ ડેપો ખાતે પણ મુસાફરોની સતત અવરજવર જોવા મળી રહી છે.મુસાફરોની વધતી ભીડને ધ્યાનમાં રાખીને ડેપો તંત્ર દ્વારા મુસાફરોને અગવડ ન પડે તે માટે વધારાની બસોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. બગસરા ડેપો મેનેજર


તસવીર : મયુર પંડ્યા

નિમિષાબા ગઢવીએ જણાવ્યું હતું કે, રક્ષાબંધનના તહેવારને લઈને છેલ્લા કેટલાક દિવસોથી મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. ટ્રાફિકને ધ્યાનમાં રાખીને વધારાની બસો દોડાવવામાં આવી રહી છે. રાજકોટ અને સાવરકુંડલા તરફ પણ વધારાની બસોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે.રક્ષાબંધનના પર્વે શ્રમિકો પોતાની બહેનો પાસે પહોંચી શકે અને પરિવાર સાથે તહેવારની ઉજવણી કરી શકે તે માટે એસ.ટી. ડેપો દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

જોકે, મુસાફરોની ભારે સંખ્યાને કારણે હાલ બગસરાથી ઉપડતી લગભગ તમામ બસો મુસાફરોથી ખીચોખીચ ભરાઈને દોડી રહી છે. તહેવાર દરમિયાન મુસાફરોની ભીડ યથાવત રહેવાની શક્યતા વચ્ચે એસ.ટી. તંત્ર દ્વારા પણ પરિસ્થિતિ મુજબ વધુ બસો દોડાવવાની તૈયારી રાખવામાં આવી છે. હાલ તો બગસરા ડેપો દ્વારા વધારાની બસ દોડાવવામાં આવતી હોવાથી ડેપોને આવક પણ સારી મળી રહી છે.

**બગસરા ડેપો દ્વારા મુસાફરોને પહોંચાડવા માટે વધારાની બસ દોડાવી**

# અમરેલીની કે. કે. પારેખ કોમર્સ કોલેજમાં 'ખેલો ઈન્ડિયા સંવાદ' કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૭

અમરેલીની કે. કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી અંતર્ગત 'ખેલો ઈન્ડિયા સંવાદ ખેલ કી બાત, પ્રધાનમંત્રી મોદી કે સાથ' કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને મહાનુભાવોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો લાઈવ સંવાદ નિહાળ્યો હતો. પ્રારંભે ઉપસ્થિત



સૌએ 'નશામુક્ત ભારત'ના શપથ લીધા હતા. જિલ્લા યુથ ઓફિસર રાકેશજી તથા નેહરુ યુવા કેન્દ્ર, અમરેલીના અધિકારી પ્રવીણભાઈ જેઠવાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. નેશનલ શૂટિંગ ચેમ્પિયન ગુંજલ તાવીયા, નેશનલ એથ્લેટિક્સ ચેમ્પિયન માર્ગી નકુમ તથા રાજસ્થાનના પેરા-સ્વિમિંગ ચેમ્પિયન સંજયભાઈ સાંખળાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમનું આયોજન એન. એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. એ. બી. ગોરવાડીયાએ કર્યું હતું. રમતગમત પ્રત્યે જાગૃતિ અને યુવા સશક્તિકરણના સંદેશ સાથે કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# અમરેલી નૂરાની માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને ફ્રૂટ કિટનું વિતરણ

અમરેલી,તા.૨૭

ઈદે મિલાદુન નબીના પાવન દિવસે નૂરાની માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ, અમરેલી દ્વારા માનવ સેવા એ જ પ્રભુ સેવા સંકલ્પ સાથે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે સેવાકીય કાર્યક્રમ યોજાયો હતો. જેમાં હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા અંદાજે ૧,૦૦૦ દર્દીઓને ફ્રૂટ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.




ટ્રસ્ટના હોદેદારો અને સેવાભાવી કાર્યકરોએ વોર્ડમાં જઈ દર્દીઓને ફળફળાદિનું વિતરણ કર્યું હતું. આ સેવાકાર્ય બદલ દર્દીઓ અને તેમના સ્વજનોએ ટ્રસ્ટનો આભાર વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત જરૂરિયાતમંદ દર્દી માટે બે બોટલ ઓ પોઝિટિવ રક્તની વ્યવસ્થા પણ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી હતી. ટ્રસ્ટ દ્વારા તબીબી સહાય, અન્નક્ષેત્ર અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ પણ કરવામાં આવે છે. સેવાકાર્યમાં મહેબૂબબાપુ કાદરી, યુનુસભાઈ દેરડીવાળા, સાજીદભાઈ ઓઠા, પરવેઝભાઈ કુરેશી સહિત હોદ્દેદારો, કાર્યકરો અને સિવિલ હોસ્પિટલના સ્ટાફે સહયોગ આપ્યો હતો.

# અમરેલીની પ્રતાપરાય આર્ટસ કોલેજના ૧૯૯૬ની અર્થશાસ્ત્ર બેંચના મિત્રોનું સ્નેહમિલન યોજાયુ

અમરેલી,તા.૨૭

રાજકોટમાં પ્રતાપરાય આર્ટસ કોલેજ, અમરેલીની ૧૯૯૬ની અર્થશાસ્ત્ર બેંચના પૂર્વ વિદ્યાર્થીઓનું ૨૬ ઓગસ્ટે ઘંટેશ્વર પાર્ક ખાતે સ્નેહમિલન યોજાયું હતું. ૩૦ વર્ષ બાદ મળેલા મિત્રોએ કોલેજકાળની જૂની યાદો તાજી કરી આનંદ વ્યક્ત કર્યો હતો. કેટલાક મિત્રો પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા, જ્યારે અન્ય મિત્રો વીડિયો કોલથી જોડાયા હતા. હીના ગોહિલ,


તસવીર : દિપક કનૈયા

રેખા સેંજલીયા અને પ્રકાશ વાળાએ આયોજનમાં વિશેષ મહેનત કરી હતી. આરીફ મેતરે કાર્યક્રમની માહિતી આપી હતી.

# સા.કુંડલાના જુનાસાવર ખાતે સંસ્કૃત ગૌરવ યાત્રા યોજાઈ



અમરેલી,તા.૨૭

જુનાસાવર ખાતે ટી.કે. પારેખ હાઈસ્કૂલમાં સંસ્કૃત સપ્તાહની ઉજવણી અંતર્ગત 'સંસ્કૃત ગૌરવ યાત્રા' યોજાઈ હતી. સંસ્કૃત ભાષા અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે જાગૃતિ લાવવાના હેતુથી આયોજિત આ યાત્રામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો જોડાયા હતા. વિદ્યાર્થીઓએ સંસ્કૃત શ્લોકો અને સૂત્રોચ્ચાર સાથે આકર્ષક પ્લેકાર્ડ્સ દ્વારા ભાષાનો પ્રચાર-પ્રસાર કર્યો હતો.

# અમરેલીના યુવાનની ૧૪૦ કિમી 'રનિંગ ફોર હેલ્થ' દોડ

અમરેલી,તા.૨૭

અમરેલીના આશુતોષ મેહતા અને રક્ષિત સોલંકીએ નિધિક્ષ ફાઉન્ડેશન અંતર્ગત 'રનિંગ ફોર હેલ્થ' પહેલ દ્વારા શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિનો સંદેશ આપ્યો હતો. આશુતોષ મેહતા ડિફેન્સ ક્ષેત્રમાં ફરજ બજાવે છે. તેમણે રજાના સમયનો સદુપયોગ કરી ૨૨ ઓગષ્ટે અમરેલીના સમર્થ વ્યાયામ મંદિરથી સોમનાથ સુધી



૧૪૦ કિમીની દોડ શરૂ કરી હતી. અમરેલી-બગસરા-વિસાવદર-સાસણગીર-તાલાળા થઈ સોમનાથ પહોંચેલી આ દોડનું ૨૪ ઓગસ્ટે સવારે ૭ વાગ્યે સમાપન થયું હતું. 'સ્વસ્થ શરીર સાથે સ્વસ્થ મન'ના સંદેશ સાથે યોજાયેલી આ પહેલ દ્વારા યુવાનોને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહેવા પ્રેરણા આપવામાં આવી હતી.


સાંભળવાની તકલીફ છે ?
- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં

સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય ફ્રિ

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


# વંડાની પી.પી.એસ. હાઈસ્કૂલની વિદ્યાર્થિનીનો વક્તૃત્વ સ્પર્ધામાં ડંકો

અમરેલી,તા.૨૭

સાવરકુંડલા તાલુકાના વંડા ગામની પી.પી.એસ. હાઈસ્કૂલની વિદ્યાર્થિની મોનિકા ગોવિંદભાઈ મેવાડાએ



મુખ્યમંત્રી ગ્રામ અસ્મિતા યોજના અંતર્ગત યોજાયેલી તાલુકા કક્ષાની વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. સાવરકુંડલાની એસ. વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે યોજાયેલી સ્પર્ધામાં તેણે 'ફરજ પાલન સહ દેશ સેવા' વિષય પર અસરકારક રજૂઆત કરી હતી. વિજેતા મોનિકાને રૂ. ૧૦,૦૦૦નો રોકડ પુરસ્કાર અપાયો હતો. શિક્ષકોના માર્ગદર્શન બદલ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

જયાબેન મનસુખભાઈ જમોડ (ઉ.વ:૫૩)તે મનસુખભાઈ મોહનભાઈ જમોડના ધર્મપત્ની તથા ભાવેશભાઈ મનસુખભાઈ જમોડના માતૃશ્રીનું તા.૨૫/૮/૨૬ને મંગળવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

**ધોરાજી**

ધોરાજીના પૂર્વ ધારાસભ્ય અને રાજકોટ જિલ્લા કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ લલીતભાઈ વસોયા તેમજ તેમના ભાઈ કિરીટભાઈ વસોયાના માતૃશ્રી સ્વર્ગસ્થ શાંતાબેન જસમતભાઈ વસોયા ઉંમર વર્ષ ૧૦૨ વર્ષની વયે શ્રીજી ચરણ પામેલ છે. સદગતનું બેસણું તારીખ:૨૯-૦૮-૨૦૨૬ શનિવારના સમય સાંજે ૩:૦૦ થી ૬:૦૦ લેઉવા પટેલ સમાજ, વિભાગ નંબર ૨, જમનાવડ રોડ, ધોરાજી ખાતે રાખેલ છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર..
હવે આપના નજીકના સ્ટોરમાં ઉપલબ્ધ
અવધ બેસન
વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ચટાકેદાર ફરસાણ માટે સ્પેશ્યલ
"અવધ બેસન" તો રાહ શેની જુઓ છો...? આજે જ ઘરે લઈ આવો અને અવધ બેસનમાંથી ફરસાણ બનાવીને સ્વાદની મજા માણો
અવધ બેસન તેમજ અવધ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ - કિલો પેકીંગમાં ઉપલબ્ધ
દરેક રીટેઈલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
સમજદાર ગૃહિણીની પહેલી પસંદ એટલે અવધ બેસન
સોમનાથ બેસન ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં. ૮૨-૧, જી.આઈ.ડી.સી. અમરેલી.
સંપર્ક: મો. ૯૮૯૮૨ ૮૬૦૮૩, ૯૮૨૪૨ ૩૦૫૧૫



અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


**મામલતદાર કચેરી અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી / કેસ નં.૮૩/૨૦૨૬ તા.૨૦/૦૮/૨૦૨૬

શ્રી ભીખુભાઈ ગોવિંદભાઈ મોકરીયા,
રહે.૫૦ વિશ્વકર્મા સોસાયટી, ટીંબાવાડી, ચોબારી, જુનાગઢ.

........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને,
તલાટી કમ મંત્રીશ્રી, નવાણીયા, તા. વિસાવદર.

.........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી ભીખુભાઈ ગોવિંદભાઈ મોકરીયા, રહે.૫૦ વિશ્વકર્મા સોસાયટી, ટીંબાવાડી, ચોબારી, જુનાગઢ એ તેમના પુત્ર શ્રી કિરીટભાઈ ભીખુભાઈ મોકરીયા નો જન્મ તા.૧૬/૦૯/૧૯૮૭ ના રોજ વિસાવદર તાલુકાના નવાણીયા ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, નવાણીયા, તા.વિસાવદર ના જન્મ/મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે, જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, નવાણીયા, તા.વિસાવદર ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

| | |
|---|---|
| તૈયાર કરનાર | હુકમથી |
| સહી. | સહી. |
| (એન.જી.ધાંધલ્યા) | (આર.એન.ખોડભાયા) |
| નાયબ મામલતદાર | એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ |
| વિસાવદર | વિસાવદર |


ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

**ન્યૂડ વીડિયો કોલ અને મહિલાએ આપઘાત કર્યાની ખોટી ધમકી આપી**

# ગમા પીપળીયાના પ્રૌઢ પાસેથી રૂ. ૧૪.૭૦ લાખ પડાવ્યા

બાબરા, તા. ૨૭

અમરેલી જિલ્લામાં પોલીસ દ્વારા સાયબર ફ્રોડ સામે સતત અવેરનેસ કેમ્પેન ચલાવવામાં આવી રહ્યું છે, તેમ છતાં આવા કિસ્સાઓ સતત વધી રહ્યા છે. બાબરાના ગમા પીપળીયા ગામના એક પુરુષને સાયબર ગઠિયાઓએ પૂર્વઆયોજિત ષડયંત્ર રચી સેક્સટોર્શન અને બ્લેકમેઈલિંગની જાળમાં ફસાવી રૂ. ૧૪.૭૦ લાખની જંગી રકમ પડાવી લીધી હોવાનો મામલો સામે આવ્યો છે.આ અંગે અશોકભાઈ છગનભાઈ પાનસેરીયા (ઉં.વ.૫૦)એ અજાણ્યા વોટ્સએપ નંબર ધારક સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, અજાણ્યા નંબર પરથી ફરિયાદીને વોટ્સએપ પર ન્યૂડ વીડિયો કોલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકીઓ આપવાનું શરૂ કરાયું હતું.ગઠિયાઓએ સંપર્ક કરીને પોતાની ઓળખ પોલીસ અધિકારી અને મીડિયાકર્મી તરીકે આપી હતી. તેમણે આ વીડિયો યુ-ટ્યુબ સહિતના પ્લેટફોર્મ પર અપલોડ કરવાની બીક બતાવી હતી. આરોપીઓએ તેમને વધુ ડરાવવા માટે બનાવટી ફોટો મોકલીને એવો દાવો કર્યો હતો કે વીડિયોમાં દેખાતી મહિલાએ તમારા કારણે આત્મહત્યા કરી લીધી છે અને તમારી સામે પોલીસ ફરિયાદ દાખલ થઈ છે. જો પૈસા નહીં આપો તો અસલી પોલીસ પકડી જશે તેવી ધમકી આપી, વીડિયો ડિલીટ કરવાના બહાને તેમની પાસેથી ટુકડે-ટુકડે કુલ રૂ. ૧૪.૭૦ લાખ પડાવી લેવામાં આવ્યા હતા. છેતરપિંડીનો ભોગ બન્યાનો અહેસાસ થતાં તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનાહિત કાવતરું ઘડી છેતરપિંડી અને ખંડણી ઉઘરાવનાર ટોળકી વિરુધ્ધ ગુનો નોંધી વધુ કાનૂની તપાસ હાથ ધરી છે. અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના પીઆઈ જે. આર. સરવૈયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

**પોલીસ અને મીડિયા અધિકારીના નામે બ્લેકમેઈલિંગ**

# ચલાલા બ્રહ્માકુમારી કેન્દ્ર ખાતે રક્ષાબંધનની ઉજવણી કરાઈ

ચલાલા,તા.૨૭


તસવીર : પ્રકાશ કારીયા

ચલાલા ખાતે બ્રહ્માકુમારી કેન્દ્ર દ્વારા રક્ષાબંધન પર્વની ભાવભીની અને દિવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે અમરેલીથી બ્રહ્માકુમારી ગીતા દીદી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે રક્ષાબંધનના આધ્યાત્મિક મહત્ત્વ અંગે પ્રેરણાદાયી પ્રવચન આપી જીવનમાં પવિત્રતા, પ્રેમ, સદભાવ અને આધ્યાત્મિક જ્ઞાનનો સંદેશ આપ્યો હતો. મોટી સંખ્યામાં ભાઈ-બહેનોએ ઉપસ્થિત રહી તિલક કરાવી રક્ષા સૂત્ર બંધાવ્યું હતું. ત્યારબાદ સૌને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. ભાવનાત્મક ગીત-સંગીતના કાર્યક્રમથી સમગ્ર વાતાવરણ આનંદમય બન્યું હતું. કિષ્ના દીદી, રાધિકા દીદી અને અનિતા દીદીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગોવિંદભાઈ પાનસુરીયા, રાજુભાઈ કાથરોટીયા સહિત સેવાભાવી ભાઈ-બહેનોએ વ્યવસ્થામાં સહયોગ આપ્યો હતો.

# અમરેલીમાં જેશીંગપરાનો પુલ ચડતાં અકસ્માત સર્જાતા યુવક ગંભીર

અમરેલી, તા.૨૭

અમરેલીમાં જેશીંગપરાનો પુલ ચડતાં અકસ્માત સર્જાયો હતો, જેમાં એક યુવકને ગંભીર ઈજા પહોંચી હતી. આ અંગે રાહુલભાઈ ભનુભાઈ દાફડા (ઉં.વ.૩૨)એ મોટરસાયકલ ચાલક રોહિતભાઈ મેસુરીયા સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, તેમના કાકાનો દીકરો પોતાની મોટરસાયકલ લઈને ઘરે જઈ રહ્યો હતો, તે દરમિયાન અમરેલી જેશીંગપરાનો પુલ ચડતાં સામેથી આવેલી મોટરસાયકલના ચાલકે તેને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં તેમના કાકાના દીકરાને નાક, મોઢા અને જડબાના ભાગે ઓપરેશન કરાવવું પડે તેવી ઈજા થઈ હતી. આ ઉપરાંત જમણા હાથની હાંસડીમાં ફ્રેક્ચર થયું હતું તેમજ બંને હોઠ પર ટાંકા આવ્યા હતા. આ અંગે અમરેલી સીટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. બી. સૈયદ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# લીલીયા ઘટક ખાતે 'પોષણ ઉત્સવ ૨૦૨૬' અંતર્ગત વાનગી સ્પર્ધાનું આયોજન કરાયું

લીલીયા,તા.૨૭



લીલીયા ઘટક ખાતે 'પોષણ ઉત્સવ ૨૦૨૬'ની ઉજવણીના ભાગરૂપે ઘટક કક્ષાની વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં સ્થાનિક બહેનોએ પૌષ્ટિક અને સ્વાદિષ્ટ વાનગીઓ રજૂ કરી હતી. કાર્યક્રમમાં મામલતદાર, આરોગ્ય વિભાગનો સ્ટાફ, વિનયન અને વાણિજ્ય કોલેજનો સ્ટાફ તેમજ આઈ. સી.ડી.એસ. વિભાગનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. સ્પર્ધામાં મિલેટ્સ (તૃણ ધાન્ય) અને ટી.એચ.આર. આધારિત વાનગીઓ રજૂ કરવામાં આવી હતી. નિર્ણાયકો દ્વારા વાનગીઓની પૌષ્ટિકતા અને ગુણવત્તાના આધારે બંને કેટેગરીમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા બહેનોની પસંદગી કરવામાં આવી હતી. વિજેતાઓને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# સાવરકુંડલાના કેરાળા ગામે માનસિક બીમારીથી કંટાળી યુવકે ગળાફાંસો ખાધો

સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલાના કેરાળા ગામે માનસિક બીમારીથી કંટાળી યુવકે ગળાફાંસો ખાધો હતો. આ ઘટનાના પગલે ગામમાં ચકચાર મચી ગઈ હતી તેમજ શોકનો માહોલ છવાઈ ગયો હતો. ભીખાભાઈ વલ્લભભાઈ શીંગાળા (ઉંમર વર્ષ ૫૮) એ જાહેર કર્યા મુજબ તેમના પુત્ર રાકેશભાઈ ભીખાભાઈ શીંગાળા (ઉંમર વર્ષ ૨૮) છેલ્લા ૪ વર્ષથી માનસિક બીમારીથી પીડાતા હતા. જેથી કંટાળી જઈ તેમણે ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મૃત્યુ નીપજ્યું હતું. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ એન. વી. શિયાળ વધુ તપાસ કરી રહ્યા છે.

**ગળાફાંસો ખાધાની ઘટનાથી સમગ્ર ગામમાં અરેરાટી મચી**

**અમરેલી શહેરનો ચકચારભર્યો બનાવ**

# પત્નીએ માતાજીના પાઠમાં જવાનું કહેતા પતિએ કર્યો જીવલેણ હુમલો

**ફરિયાદ કરશે તો દવા પી જવાની આપી ધમકી**

અમરેલી, તા. ૨૭

અમરેલી શહેરમાં એક ચકચારભર્યો બનાવ સામે આવ્યો છે. પત્નીએ માતાજીના પાઠમાં જવાનું કહેતા પતિએ તેના પર જીવલેણ હુમલો કર્યો હતો, તેમજ જો તે પોલીસ ફરિયાદ કરશે તો પોતે દવા પી જવાની ધમકી પણ આપી હતી.બનાવ અંગે મીનાબેન મકવાણા (ઉ.વ.૨૯) એ તેમના પતિ મહેશભાઈ અશોકભાઈ મકવાણા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, પતિ મહેશભાઈ તેમને અવારનવાર શારીરિક-માનસિક ત્રાસ આપતો હતો. તા. ૨૨/૦૮/૨૦૨૬ના રોજ તેણીએ વરસડા માતાજીના પાઠમાં જવાનું કહેતા, પતિએ ગાળો આપી જાનથી મારી નાખવાના ઈરાદે બાળકોના રમવાના લોખંડના પતરાના ટ્રેક્ટર વડે માથાના પાછળના ભાગે ઘા માર્યો હતો. આ હુમલાના કારણે મીનાબેનને માથામાં છ ટાંકા આવે તેવી ગંભીર ઈજા થઈ હતી. આ ઉપરાંત, જો તે તેના વિરુધ્ધ કોઈ પોલીસ ફરિયાદ કરશે તો પોતે દવા પી જશે તેવી ધમકી પણ પતિએ આપી હતી. આ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર. ડી. કુવાડિયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# સા.કુંડલામાં ઈદે મિલાદની ઉત્સાહભેર ઉજવણી

સાવરકુંડલા,તા.૨૭



સાવરકુંડલા શહેરમાં ઈદે મિલાદ પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. પયગંબર હઝરત મુહમ્મદ સાહેબના જન્મદિવસ નિમિત્તે મુસ્લિમ સમાજ દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉજવણીના ભાગરૂપે શહેરમાં ભવ્ય ઝુલુસ કાઢવામાં આવ્યું હતું. જેમાં સમાજના આગેવાનો, યુવાનો સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. શહેરના વિવિધ વિસ્તારોમાંથી નીકળેલું ઝુલુસ મુખ્ય માર્ગો પરથી પસાર થયું હતું. સમગ્ર માર્ગ દરમિયાન ધાર્મિક નારા ગુંજતા રહેતાં વાતાવરણ ભક્તિમય બન્યું હતું. ઝુલુસનું વિવિધ સ્થળોએ સ્થાનિક લોકો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઈદે મિલાદ પર્વને લઈને સમગ્ર શહેરમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. કાર્યક્રમ દરમિયાન શાંતિ અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ઉજવણી દરમિયાન ભાઈચારા, એકતા અને શાંતિનો સંદેશ આપવામાં આવ્યો હતો.

**ભવ્ય ઝુલુસમાં મોટી સંખ્યામાં સમાજના લોકો જોડાયા**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: પૂનમ
તા.૨૮-૦૮-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૫૬,
સૂર્યાસ્ત-૦૬:૪૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શતભિષ

## દૈનિક રાશિફળ

તા.૨૮-૦૮-૨૦૨૬ શુક્રવાર

મેષ: આજે કોઈ પણ સરકારી કે અંગત બાબત સરળતાથી ઉકેલાઈ જશે. જેથી મન પ્રસન્ન રહેશે. પરિવારમાં સુખ અને શાંતિ તમારી પ્રાથમિકતા રહેશે.

વૃષભ: કોઈ પણ ખાસ સમસ્યાનો પરસ્પર સમજૂતીથી ઉકેલ લાવી શકાય છે. સમય જતાં જૂના મતભેદો અને ગેરસમજણો દૂર થશે.

મિથુન: પરિવારના સભ્યો સાથે થોડો સમય વિતાવવો અને વાતચીત દ્વારા સમસ્યાનું સમાધાન શોધવું. ઉપરાંત, કોઈ ચોક્કસ મુદ્દા પર ચર્ચા થઈ શકે છે.

કર્ક: સંતાન સંબંધિત કોઈ વિશેષ કાર્ય પૂર્ણ થવાથી રાહત મળશે. પરિવારના કોઈ સદસ્યના લગ્નને કારણે સારો સંબંધ આવી શકે છે.

સિંહ તમને છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી સમસ્યાઓમાંથી રાહત મળશે. અચાનક તમને ક્યાંકથી સહયોગ અને યોગ્ય સલાહ મળશે.

કન્યા: પરિવારના સભ્યો તમારી પાસેથી કેટલીક અપેક્ષાઓ રાખશે અને તમે તેને પૂર્ણ કરી શકશો. આર્થિક પ્રવૃત્તિઓનું આયોજન કરવા માટે સમય અનુકૂળ છે.

તુલા: ફોન કોલ દ્વારા મહત્વપૂર્ણ સૂચના પ્રાપ્ત થઈ શકે છે. તેનો તાત્કાલિક અમલ કરવો યોગ્ય રહેશે. ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યોમાં પણ સમય પસાર થશે.

વૃશ્ચિક: ખોટી પ્રવૃત્તિઓ પર ધ્યાન આપ્યા વિના તમારા અંગત કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરો. લાંબા સમયથી ચાલતી કોઈપણ ચિંતા અને તણાવથી રાહત મળી શકે છે.

ધનુ: આજનો મોટાભાગનો સમય ઘરના કામમાં પસાર થઈ શકે છે. ધાર્મિક સંસ્થા સાથે જોડાયેલા કાર્યોમાં પણ તમે સહયોગ કરશો. તમારું સન્માન પણ વધી શકે છે.

મકર: નજીકના સંબંધીની સમસ્યાના ઉકેલમાં તમારું વિશેષ યોગદાન રહેશે. તમારી હોશિયારી અને યોગ્યતાની પ્રશંસા કરવામાં આવશે.

કુંભ: પરિવાર સાથે મનોરંજન અને ખરીદી જેવી પ્રવૃત્તિઓમાં આનંદદાયક સમય પસાર થશે. તમારા દ્વારા લેવામાં આવેલ કોઈપણ મહત્વપૂર્ણ નિર્ણયની પ્રશંસા કરવામાં આવશે.

મીન: ઘરની સફાઈ અને અન્ય કાર્યોમાં સમય પસાર થશે. તમારા પ્રિયજન સાથે બેસો અને તમારી લાગણીઓ વ્યક્ત કરો. યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવાથી તમારી સમસ્યાઓ હલ થશે.

# લીલીયા મોટામાં ઈદે-મિલાદુન નબીની ધામધૂમથી કરાઈ ઉજવણી

લીલીયા,તા.૨૭



લીલીયા શહેરમાં ઈદે-મિલાદુન નબીના પવિત્ર પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. નિમિત્તે સુન્ની મુસ્લિમ સમાજ દ્વારા ભવ્ય ઝુલુસનું આયોજન કરવામાં આવ્યું હતું. ઝુલુસ લીલીયા જુમ્મા મસ્જિદ ખાતેથી નીકળી શહેરના વિવિધ બજારો અને મુખ્ય માર્ગો પરથી પસાર થયું હતું. સંધિ ચોક જૂની પોસ્ટ ઓફિસ ખાતે અબ્દુલ શીરમાન દ્વારા બાગે અલી ખાતે સૈયદ સાદાતો અને સમાજના આગેવાનોનું ફુલહારથી સન્માન તેમજ નિયાઝનું આયોજન કરવામાં આવ્યું હતું. ઝુલુસમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. શહેરમાં ઠેર-ઠેર નિયાઝ, શરબત અને પાણીના સ્ટોલ ઉભા કરાયા હતા. ઝુલુસ દરમિયાન મિલાદ શરીફ અને નાત-એ-પાકના કાર્યક્રમો યોજાયા હતા. શાંતિ અને ભાઈચારાનો સંદેશ આપવામાં આવ્યો હતો. પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો.

# BSF નિવાસી તાલીમ વર્ગ-૨૦૨૬ માટે યુવાનો પાસેથી અરજીઓ મંગાવાઈ

અમરેલી,તા.૨૭

અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા દેશની સંરક્ષણ અને પોલીસ દળમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા યુવાનો માટે BSF નિવાસી તાલીમ વર્ગ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. કચ્છ-ભુજ ખાતે યોજાનારી ૩૦ દિવસની આ તાલીમ સંપૂર્ણ નિ:શુલ્ક રહેશે. પસંદગી પામેલા તાલીમાર્થીઓને રહેવા-જમવાની સુવિધા સાથે શારીરિક અને લેખિત કસોટીની વિશેષ તાલીમ આપવામાં આવશે. માત્ર અમરેલી જિલ્લાના પુરુષ ઉમેદવારો, ધોરણ-૧૦ પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતા અને ૧૭.૫ થી ૨૫ વર્ષની વયના ઉમેદવારો અરજી કરી શકશે. લાયક ઉમેદવારોએ જિલ્લા રોજગાર કચેરીમાંથી સત્તાવાર અરજી ફોર્મ મેળવી, સંપૂર્ણ વિગતો સાથે ૧૫ દિવસમાં બહુમાળી ભવન ખાતે રૂબરૂ અથવા ટપાલ દ્વારા અરજી જમા કરાવવાની રહેશે.

# લાઠીના અલી ઉદેપુર ગામેથી સગીરાનું અપહરણ

લાઠી, તા.૨૭

લાઠીના અલી ઉદેપુર ગામેથી સગીરાનું અપહરણ થતાં ચકચાર મચી જવા પામી છે.

સગીરાના પિતાએ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, કોઈ અજાણ્યો શખ્સ તેમની પુત્રીનું અપહરણ કરી ફરાર થઈ ગયો છે. આ અંગે લાઠી પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે. કે. પાંડવ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# પત્ની દીકરાને લઈ પિયર જતી રહેતાં પતિને લાગી આવ્યું, એસિડ પીધું

**રાજુલામાં ચકચારી બનાવ બન્યો**

રાજુલા, તા. ૨૭

રાજુલામાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પત્ની દીકરાને લઈ પિયર જતી રહેતાં પતિને મનમાં લાગી આવ્યું હતું અને એસિડ પી લેતાં તેને સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો હતો. બનાવ અંગે સોનલબેન નાનજીભાઈ જોગદિયા (ઉં.વ.૫૫)એ જાહેર કર્યા મુજબ, તેમના દીકરા શૈલેષભાઈ નાનજીભાઈ જોગદિયા (ઉં.વ. ૩૦)ને તેની પત્ની મનીષાબેન સાથે કોઈ બાબતે બોલાચાલી થઈ હતી. જેથી તેની પત્ની દીકરાને લઈને પિયર જતી રહી હતી. આ વાતનું મનમાં લાગી આવતાં તેમના પુત્રે પોતાના રહેણાંક મકાને પોતે જ એસિડ પી લીધું હતું. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.એસ. બાબરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં ૨૩૦ વૃક્ષોનું વૃક્ષારોપણ, વિદ્યાર્થીઓને વૃક્ષ જતનની જવાબદારી

રાજુલા,તા.૨૭


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલાની બરકાતી પ્રાથમિક તથા માધ્યમિક શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કુલ ૨૩૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ મયુરભાઈ દવે, એન્જિનિયર પ્રભાતભાઈ જોશી, સમસ્ત મુસ્લિમ સમાજના પ્રમુખ આરિફભાઈ જોખિયા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. ૧૫ ઓગસ્ટ નિમિત્તે યોજાયેલી વકૃત્વ અને નિબંધ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનિત કરાયા હતા. વાવવામાં આવેલા દરેક વૃક્ષની જાળવણીની જવાબદારી જે વિદ્યાર્થીના નામે વૃક્ષ વાવવામાં આવ્યું છે તેને સોંપવામાં આવી છે. વિદ્યાર્થી શાળા છોડ્યા બાદ પણ વૃક્ષ પર તેનું નામ જાળવી રાખવામાં આવશે.

## તંત્રી લેખ

# અમેરિકાની વિઝા નીતિની ગંભીર અસર

અમેરિકા હંમેશાં પોતાને તકો અને સ્વપ્નોની ભૂમિ ગણાવતું આવ્યું છે, પરંતુ તાજેતરમાં ત્યાંના પ્રશાસને વિશ્વભરમાં પોતાની રાજદ્વારી કચેરીઓમાં વિઝા મુલાકાતની તારીખો સ્થગિત કરવાનો આદેશ આપ્યો છે. આ નિર્ણય વિઝાની દરેક શ્રેણીને અસર કરે છે, અને નવી તારીખો ક્યારે જાહેર થશે તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા સામે આવી નથી. પ્રશાસનનું કહેવું છે કે વિઝા આપવાની સમગ્ર પ્રણાલીને વધુ મજબૂત અને પારદર્શક બનાવવા માટે આ પગલું અનિવાર્ય છે, પરંતુ સપાટીએ સુધારો લાગતો આ નિર્ણય તેની ગંભીર પરિણતો અને સંકેતો માટે અત્યંત ચિંતાજનક છે. ખાસ કરીને ભારત માટે, જ્યાં નવી દિલ્હી, મુંબઈ, ચેન્નઈ, કોલકાતા અને હૈદરાબાદ એમ પાંચ કેન્દ્રો પર દર વર્ષે લાખો લોકો વિઝા માટે અરજી કરે છે, ત્યાં આ આદેશે અનિશ્ચિતતાનું ઘોર વાદળ ઊભું કર્યું છે. આ નિર્ણયને એકલ ઘટના તરીકે જોવો ભૂલભરેલું ગણાશે, કારણ કે થોડાક સમય પહેલાં જ વ્યાવસાયિક વિઝાની ફીમાં ભારે વધારો કરવામાં આવ્યો હતો, અને હવે મુલાકાતની તારીખો સ્થગિત થવાથી ભારતીય વિદ્યાર્થીઓ, ઉદ્યોગપતિઓ, સંશોધનકારો અને સામાન્ય નાગરિકો માટે મુશ્કેલીઓ વધી ગઈ છે.

પ્રાથમિક આંકડા દર્શાવે છે કે લગભગ વીસ લાખ ભારતીય નાગરિકો આ પગલાથી સીધી કે આડકતરી રીતે પ્રભાવિત થઈ શકે છે. આ સંખ્યામાં ઉચ્ચ અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓ, માહિતી પ્રૌદ્યોગિકી ક્ષેત્રના નિષ્ણાતો, ચિકિત્સકો, સંશોધનકર્તાઓ અને પોતાના પરિજનોને મળવા આતુર સામાન્ય માણસોનો સમાવેશ થાય છે. વિઝા એ માત્ર કાગળોની ચકાસણી નથી, તે બે દેશો વચ્ચેના માનવી સંબંધોનો જીવંત પુલ છે. જ્યારે આ પુલને તોડી નાખવામાં આવે છે, ત્યારે ફક્ત વ્યક્તિઓની આવ-જા જ અટકતી નથી, પણ જ્ઞાન, ભંડોળ અને પરસ્પર વિશ્વાસની આપલે પણ ખોરવાઈ જાય છે. અમેરિકાના પોતાના સત્તાવાર પુરાવા પણ દર્શાવે છે કે ભારતીય વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકોએ અમેરિકી અર્થતંત્ર, શિક્ષણ અને નવીનીકરણમાં અમૂલ્ય હિસ્સો આપ્યો છે. આ યોગદાનમાં અવરોધ ઊભો કરવાથી અમેરિકાને પણ લાંબા ગાળે ભારી નુકસાન ઉઠાવવું પડશે, કારણ કે પ્રતિભાઓનો પ્રવાહ થંભી જવાથી તેની સ્પર્ધાત્મક ક્ષમતા અને વૈશ્વિક નેતૃત્વને ફટકો લાગશે. પ્રશાસનની દલીલ છે કે વર્તમાન વિઝા પ્રણાલીમાં ઘણી ખામીઓ છે, તપાસ પ્રક્રિયાને વધુ કડક બનાવવી જરૂરી છે, અને રાષ્ટ્રીય સલામતી માટે આ સ્થગિતની સ્થિતિ અનિવાર્ય છે. આ દલીલમાં આંશિક સત્ય તો હોઈ શકે, કારણ કે કોઈ પણ દેશને પોતાની સીમાઓ અને પ્રવેશ પ્રક્રિયાને સુરક્ષિત રાખવાનો સંપૂર્ણ અધિકાર છે. અંતે, વિઝા એ માત્ર એક પ્રવેશ પત્ર નથી, તે બે સમાજો વચ્ચેના વિશ્વાસનું સજીવ પ્રતીક છે. પ્રણાલીમાં જો કોઈ ખામી હોય તો તેને દૂર કરવી જ જોઈએ, પરંતુ ખામીના બહાને વિશ્વાસની સમગ્ર પ્રક્રિયાને જ ઠપ કરી નાખવી એ દૂરંદેશીપૂર્ણ નથી. અમેરિકા જેવો વૈશ્વિક નેતૃત્વનો દાવો કરતો દેશ વધુ પરિપક્વ અને પારદર્શક વલણ અપનાવે તેવી અપેક્ષા છે. ત્યાંના રાષ્ટ્રપતિના પ્રશાસને તાત્કાલિક ધોરણે વિઝા સ્થગિતી પાછળનું સ્પષ્ટ સમયપત્રક, સુધારાનું સ્વરૂપ અને અરજદારો માટે વૈકલ્પિક વ્યવસ્થા જાહેર કરવી જોઈએ. અનિશ્ચિતતાને લાંબી ખેંચવાથી ફક્ત ભારતીયોને જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં અમેરિકા પ્રત્યેની વિશ્વસનીયતાને ભારે આઘાત લાગશે. ઈતિહાસ સાક્ષી છે કે દીવાલો ઊભી કરનાર સત્તાઓ નહીં, પણ પુલ બાંધનાર સમાજો લાંબા ગાળે વધુ પ્રગતિ કરે છે. આશા રાખીએ કે અમેરિકી રાજધાની આ સત્યને વહેલી તકે પારખશે અને વિઝાના દરવાજા ફરી ખુલ્લા કરશે.

# રક્ષાબંધન : ભારતીય સંસ્કૃતિનું પવિત્ર અને અનમોલ નજરાણું

વર્તમાન સમયમાં રક્ષાબંધનનું મહત્વ અનેક ગણું વધી ગયું છે. આજના સમયમાં કોઈપણ અજાણી બેન દીકરી મુશ્કેલીમાં હોય તો તેને મદદ કરવી એક નૈતિક ફરજ બની ગઈ છે આ રીતે બહેન દીકરી નું સન્માન કરવું અને તેનું રક્ષણ કરવું એ વર્તમાન સમયનો સંદેશ છે. આમ જો કરવામાં આવે તો રક્ષાબંધનનો સંદેશ સાર્થક ગણી શકાય.

આધુનિક અને ભાગદોડ ભરેલા વર્તમાન યુગમાં, જ્યાં માનવીય સંબંધો યાંત્રિક બનતા જાય છે, ત્યાં માનવીય સંવેદનાઓ અતિ મહત્વના બની જાય છે. પોતાથી નાની હોય તેને દીકરી ગણવી અને સમાન ઉંમર હોય તો બહેન અને મોટી ઉંમર હોય તો માતા ની દ્રષ્ટિ થી જોવામાં આવે તે ભારતીય સંસ્કૃતિનું સનાતન મૂલ્ય છે.

આ તહેવાર માત્ર એક રેશમી દોરો બાંધવાની વિધિ નથી, પરંતુ તે પરસ્પર રક્ષણ, વિશ્વાસ, સન્માન અને નૈતિક મૂલ્યોની પુનઃપ્રતિષ્ઠા કરવાની તક પૂરી પાડે છે. વર્તમાન સમયમાં જ્યારે સામાજિક સુરક્ષા અને પારિવારિક સંવાદિતા પર જોખમ તોળાતું હોય છે, ત્યારે આ પર્વ ભાઈ-બહેનના અતૂટ પ્રેમ દ્વારા સમગ્ર સમાજમાં ભાઈચારા અને સ્નેહની ભાવનાને જીવંત રાખે છે. તે આપણી સમૃધ્ધ સનાતન સંસ્કૃતિની પરંપરાઓ સાથે યુવાપીઢીને જોડવાનું એક ઉત્તમ માધ્યમ છે.

પૌરાણિક પૃષ્ઠભૂમિ અને ઐતિહાસિક પરંપરા આજે જાળવી રાખવાનું કામ આપણા સર્વનું છે. ભારતીય સંસ્કૃતિમાં રક્ષાબંધનની પરંપરા વૈદિક કાળથી ચાલી આવે છે. આ તહેવાર સાથે અનેક પૌરાણિક કથાઓ જોડાયેલી છે, જે આપણા ઈતિહાસ અને સંસ્કારોને ઉજાગર કરે છે. શ્રાવણ પૂર્ણિમાના દિવસે રક્ષા સૂત્ર બાંધવાની આ પરંપરા ધર્મ, કર્તવ્ય અને સ્નેહના ત્રિવેણી સંગમ સમાન છે.

દેવરાજ ઈન્દ્ર અને શચીની કથા પુરાણોમાં આવે છે.વૈદિક કાળની એક પ્રખ્યાત કથા અનુસાર, એકવાર દેવો અને દાનવો વચ્ચે લાંબા સમય સુધી યુદ્ધ ચાલી રહ્યું હતું, જેમાં દેવોની હાર થઈ રહી હતી. ત્યારે દેવરાજ ઈન્દ્રના પત્ની શચી (પૌલોમી) ગભરાઈને દેવગુરુ બૃહસ્પતિ પાસે ગયા. ગુરુ બૃહસ્પતિના સૂચનથી શચીજીએ શ્રાવણ પૂર્ણિમાના દિવસે મંત્રોચ્ચાર સાથે પવિત્ર રક્ષા સૂત્ર (રાખડી) ઈન્દ્રદેવના કાંડા પર બાંધી. આ રક્ષાકવચના પ્રતાપથી ઈન્દ્રદેવ અને દેવોને યુધ્ધમાં વિજય પ્રાપ્ત થયો. ત્યારથી ધર્મ અને વિજયના પ્રતીક તરીકે રક્ષાબંધનની શરૂઆત થઈ હોવાનું મનાય છે.

બીજી કથા રાજા બલિ અને માતા લક્ષ્મીની પૌરાણિક ગાથા છે.ભાગવત પુરાણની કથા મુજબ, ભગવાન વિષ્ણુએ પોતાના ભક્ત રાજા બલિને આપેલું વચન પૂર્ણ કરવા માટે પાતાળ લોકમાં નિવાસ કરવો પડ્યો હતો. માતા લક્ષ્મીજીને પોતાના સ્વામીને વૈકુંઠ પાછા લાવવા હતા. આ માટે લક્ષ્મીજીએ એક ગરીબ સ્ત્રીનું રૂપ ધારણ કરીને રાજા બલિના કાંડા પર રક્ષા સૂત્ર બાંધ્યું અને તેમને પોતાના ભાઈ તરીકે સ્વીકાર્યા. રાજા બલિએ પ્રસન્ન થઈને ભેટ માંગવા કહ્યું, ત્યારે લક્ષ્મીજીએ ભગવાન વિષ્ણુને પાછા વૈકુંઠ લઈ જવાનું વચન લીધું. આ કથા નિઃસ્વાર્થ પ્રેમ અને સ્નેહના સંબંધની પરાકાષ્ઠા દર્શાવે છે.

મહાભારત કાળમાં શ્રીકૃષ્ણ અને દ્રૌપદીનો પ્રસંગ ખૂબ પ્રસિધ્ધ છે.મહાભારત કાળમાં રક્ષાબંધનના પવિત્ર સંબંધના અનેક ઉદાહરણો જોવા મળે છે. રાજસૂય યજ્ઞ દરમિયાન જ્યારે શિશુપાલનો વધ કરતી વખતે શ્રીકૃષ્ણની આંગળી પર વાગવાથી લોહી વહેવા લાગ્યું, ત્યારે દ્રૌપદીએ પોતાની સાડીનો છેડો ફાડીને શ્રીકૃષ્ણની આંગળી પર બાંધી દીધો. આ કરુણા અને સ્નેહથી ભરેલી ક્ષણ પર શ્રીકૃષ્ણે દ્રૌપદીને હંમેશાં રક્ષણ આપવાનું વચન આપ્યું હતું. પાછળથી જુગારની સભામાં જ્યારે દ્રૌપદીનું ચીરહરણ થતું હતું, ત્યારે શ્રીકૃષ્ણે આ જ રક્ષાબંધનના ધર્મ અને વચનને નિભાવીને દ્રૌપદીની લાજ બચાવી હતી.

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ઈતિહાસના પૃષ્ઠોમાં રાણી કર્માવતી અને હુમાયુ વાત જાણીતી છે.મધ્યકાલીન ભારતીય ઈતિહાસમાં પણ રક્ષાબંધનનું ગૌરવશાળી સ્થાન છે. મેવાડની રાણી કર્માવતી પર જ્યારે બહાદુરશાહે આક્રમણ કર્યું, ત્યારે પોતાની રક્ષા માટે કોઈ આશા ન દેખાતા રાણી કર્માવતીએ મુઘલ સમ્રાટ હુમાયુને ભાઈ માનીને રાખડી મોકલી અને રક્ષાની યાચના કરી. મુસ્લિમ શાસક હોવા છતાં હુમાયુએ રાખડીની લાજ રાખી અને મેવાડની રક્ષા માટે પોતાની સેના મોકલી આપી. આ ઐતિહાસિક ઘટના સાંપ્રદાયિક સદભાવ અને સ્નેહની




મિલાવટનું અદ્ભુત ઉદાહરણ છે.

હરિયાળી અને પર્યાવરણ રક્ષા પણ આ તહેવારનું મહત્વનું અંગ છે. આ પરંપરા કેરલ સહિતના દક્ષિણના રાજ્યોમાં છે. આની પાછળ વૃક્ષ રક્ષાનો હેતુ છે. દક્ષિણ ભારતમાં કેરળ લીલોછમ એરીયા છે. તેની પાછળ આ પ્રાચીન પરંપરા કારણભૂત છે.

રક્ષાબંધન માત્ર માનવીય સંબંધો પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે પ્રકૃતિ પ્રત્યેની આપણી કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો પણ અવસર છે. ભારતીય સંસ્કૃતિમાં પવિત્ર વૃક્ષો જેવા કે વડ, પીપળો અને કેળાના છોડને રાખડી બાંધવાની પરંપરા રહી છે. આ પરંપરા ગુજરાત સૌરાષ્ટ્રમાં નથી પરંતુ ઓરિસ્સા સહિતના રાજ્યોમાં છે જ્યાં છોડને રણછોડ માનવામાં આવે છે એને જીવંત માનવામાં આવે છે આનાથી ભગવાન જગન્નાથ ના આશીર્વાદ મળે છે અને જીવનમાં સુખ શાંતિ આવે છે તેવી માન્યતા છે. આ પરંપરા આપણને શીખવે છે કે જેમ ભાઈ બહેનની રક્ષા કરે છે, તેમ આપણે પણ પર્યાવરણ અને વૃક્ષોનું રક્ષણ કરવું જોઈએ, કારણ કે વૃક્ષો જ આપણા જીવનના વાસ્તવિક રક્ષક છે.આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોનું પ્રતીક

રક્ષાબંધનનો તહેવાર આધ્યાત્મિક દ્રષ્ટિએ આત્મ-શુધ્ધિ અને પવિત્રતાનો સંદેશ આપે છે. કાંડા પર બંધાતો દોરો માત્ર સૂતરનો તાર નથી, પરંતુ તે ભાઈ અને બહેન વચ્ચેના અવિચળ વિશ્વાસ, પવિત્ર આચાર-વિચાર અને નૈતિક બંધનનો સંકલ્પ છે. આ પર્વ આપણને અહંકાર અને સ્વાર્થનો ત્યાગ કરીને પરસ્પર પ્રેમ અને સહકારની ભાવના કેળવવાની પ્રેરણા આપે છે.


આધુનિક સમયમાં બદલાતું સ્વરૂપ અને સામાજિક સમરસતા સમયની સાથે રક્ષાબંધનના સ્વરૂપમાં પરિવર્તન આવ્યું છે, પરંતુ તેની મૂળ ભાવના અકબંધ છે. આજે આ તહેવાર માત્ર ભાઈ-બહેન પૂરતો સીમિત નથી રહ્યો, પરંતુ સૈનિકોને રાખડી બાંધવી, અનાથ આશ્રમના બાળકો સાથે ઉજવણી કરવી અને સામાજિક સંસ્થાઓ દ્વારા રક્ષાબંધનની ઉજવણી કરવી એ આજના નવા યુગની સુંદર પરંપરા બની ગઈ છે. તે સમાજમાં વેરઝેર મિટાવીને સદ્ભાવના અને ભાઈચારાની સ્થાપના કરે છે.

સ્નેહ અને સંકલ્પનો અનોખો સેતુ એટલે રક્ષાબંધન.આ પર્વ આપણને એ યાદ અપાવે છે કે સંબંધોની મજબૂતાઈ ભૌતિક સંપત્તિ પર નહીં, પરંતુ ભાવનાત્મક જોડાણ પર નિર્ભર છે. રાખડી બાંધતી વખતે બહેન ભાઈના દીર્ઘાયુષ્ય અને ઉજ્જવળ ભવિષ્યની કામના કરે છે, જ્યારે ભાઈ બહેનના રક્ષણ અને સુખ-દુઃખમાં સાથ આપવાનું વચન આપે છે. આ સ્નેહ અને સંકલ્પનો સેતુ જીવનભર સંબંધોને મધુર રાખે છે.

રક્ષાબંધન એ આપણી સંસ્કૃતિનો જીવંત પ્રાણ છે. તે પેઢીઓથી ચાલતી આવતી પરંપરાઓ અને સાંસ્કૃતિક વારસાનું પ્રતીક છે. આ પર્વ આપણને આપણા મૂળ સાથે જોડે છે અને માનવતાના સાચા અર્થને સમજાવે છે. ચાલો, આ પવિત્ર અવસરે આપણે પણ સંબંધોની પવિત્રતા અને પ્રકૃતિના સંરક્ષણનો સંકલ્પ કરીએ.

**સાહિત્યિક અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ જોઈએ તો, રક્ષાબંધન માત્ર ભાઈ-બહેનના પ્રેમનો તહેવાર નથી, પરંતુ તે માનવીય સંબંધોની પવિત્રતા, સ્નેહ અને સુરક્ષાના ઉદાત્ત ભાવનું પ્રતીક છે. શ્રાવણ મહિનાની પૂર્ણિમાના દિવસે ઉજવાતો આ ઉત્સવ પ્રકૃતિના અમી અને માનવહૃદયની આત્મીયતાનો અદ્ભુત સમન્વય છે.**

## શબ્દ સંજોગ-૨૨૫૬



**આડી ચાવી :**
(૧) એકાગ્ર, લીન (૩)
(૩) ભારતનુ એક શહેર (૫)
(૬) એક દિવસની મુસાફરી જેટલુ અંતર (૩)
(૮) ભય, દહેશત (૨)
(૧૦) સ્થળ, ઠેકાણુ (૨)
(૧૧) એકદમ, ઝટ (૩)
(૧૩)એક ઝાડના રસનો બનતો પદાર્થ (૨)
(૧૫) પ્રકાર, તરેહ (૨)
(૧૭) પહોંચ, પાવતી (૩)
(૧૯) યુક્તિ (૪)
(૨૩) ચર્ચા, શાસ્ત્રાર્થ (૨)
(૨૫) ટંટો, તકરાર (૩)
(૨૭) એક કઠોળ (૨)
(૨૮) પ્યાર, ઈશ્ક (૨)
(૨૯)લંબાઈ ભરવાનુ ચોવીસ તસુનુ માપ (૨)
(૩૦)ખેતરના પાકને પાણી પાવુ તે (૨)
(૩૧)એક અભિનેત્રી..... માલિની (૨)
(૩૨)પાસા ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
(૩૩)એક મસાલો (આ-અ) (૪)

**ઉભી ચાવી :**
૧) યુક્તિ (૪)
(૨) નિગ્રહ, સંયમ (૨)
(૩) શોખીન, મનસ્વી (૪)
(૪) નોતરુ, ઈજન (૩)
(૫) શાહીનો ખડિયો (૩)
(૭) ન્યાયાધિશ (૨)
(૯) તેમા મડદુ દાટી ઉપર કરેલુ ચણતર (૩)
(૧૨) નાનુ, છીછરુ એક વાસણ (૩)
(૧૪) કોરોનાની બને.....લેવી જરૂરી છે. (૨)
(૧૬) તંતુવાદ્ય, તતવાદ્ય (૨)
(૧૮) ઓસડ, ઔષધ (૨)
(૨૦) દુઃખ, પીડા (૨)
(૨૧) દક્ષિણ ભારતની એક વાનગી (૩)
(૨૨) બંને બાજુ વગાડાય તેવુ એક વાદ્ય (૩)
(૨૪)એક કેન્દ્રશાસિત પ્રદેશ (૩)
(૨૬) ચોઘડિયા (૩)
(૨૮) હેતાળ, વ્હાલસોયુ (૩)
(૩૦)નાનો તંબૂ કે તેની કનાત (૨)
(૩૧)વાળ અંગ્રેજીમાં (૨)

## શબ્દ સંજોગ-૨૨૫૫ જવાબ

**આડી ચાવી :** (૧) અંશ (૩) પ્રહર (૬) પડઘો (૮) રજત (૧૦) માર્જાર (૧૧) ડોક (૧૩) કોમ (૧૪) ખડ (૧૬) મજા (૧૮) ફણસ (૨૧) વાત્રક (૨૩) શકટ (૨૫) સજા (૨૭) વરૂ (૨૮) નરમ (૩૦) આસવા (આવાસ) (૩૧) ડુંગળી (૩૨) લડત.
**ઉભી ચાવી :** (૧)અંશુમાન (૨) વાડ (૪) હર (૫) રજકો (૬) પરખ (૭) ઘોડો (૯) તમસ (૧૨) કમસ (૧૫) ડફ (૧૭) ક્ષેત્ર (૧૯) ણમ(મણ) (૨૦) પોંક (૨૧) વાવાઝોડુ (૨૨) કસનળી (૨૩) શરૂઆત (૨૪) ટકાવારી (૨૬) જાર (૨૯) મલ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૫૦ | ૧૯૭૧ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૪૭ |
| ઘઉં ટુકડા | ૫૧૧ | ૬૨૨ |
| જુવાર સફેદ | ૧૧૫૦ | ૧૩૧૦ |
| જુવાર લાલ | ૧૦૫૦ | ૧૨૩૬ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૩૪ |
| બાજરી | ૩૭૦ | ૫૫૨ |
| તુવેર | ૧૨૮૦ | ૧૬૫૧ |
| ચણા પીળા | ૧૦૦૫ | ૧૨૪૮ |
| ચણા સફેદ | ૧૨૪૧ | ૧૮૦૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૮૭૧ |
| મગ | ૧૦૪૦ | ૧૬૦૦ |
| વાલ દેશી | ૭૫૦ | ૧૩૩૦ |
| ચોળી | ૧૦૨૫ | ૧૫૦૦ |
| વટાણા | ૫૮૦ | ૧૦૧૯ |
| કળથી | ૩૭૫ | ૫૪૦ |
| રાજમા | ૧૬૧૫ | ૧૯૮૨ |
| સીંગદાણા | ૧૬૫૦ | ૨૦૦૦ |
| મગફળી જાડી | ૧૩૫૦ | ૧૫૫૧ |
| મગફળી જીણી | ૧૨૯૦ | ૧૫૦૫ |
| તલી | ૨૦૪૮ | ૨૪૨૦ |
| એરંડા | ૧૩૪૪ | ૧૪૨૮ |
| અજમો | ૧૫૧૧ | ૨૨૯૦ |
| સુવા | ૧૩૫૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૧૧૨૦ | ૧૨૨૧ |
| સીંગફાડા | ૧૩૪૦ | ૧૭૬૦ |
| કાળા તલ | ૨૪૦૦ | ૩૪૮૮ |
| લસણ | ૧૧૨૦ | ૨૫૪૦ |
| ધાણા | ૨૭૩૦ | ૩૦૦૦ |
| ધાણી | ૨૮૩૦ | ૩૧૦૦ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૯૦૦ |
| જીરૂ | ૩૫૫૦ | ૪૦૧૫ |
| રાય | ૧૩૫૦ | ૧૮૨૦ |
| મેથી | ૯૩૦ | ૧૮૯૦ |
| કલોંજી | ૩૩૨૫ | ૩૬૨૦ |
| રાયડો | ૧૨૭૦ | ૧૫૨૨ |
| રજકાનું બી | ૬૫૦૦ | ૯૩૫૦ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૧૭૧ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૮૧૭ | ૧૫૯૭ |
| પપૈયા | ૨૧૧ | ૪૨૧ |
| બટેટા | ૭૭ | ૨૮૬ |
| ડુંગળી સુકી | ૩૫૧ | ૭૬૧ |
| ટમેટા | ૨૮૫ | ૪૯૩ |
| સુરણ | ૮૮૪ | ૧૧૭૫ |
| કોથમરી | ૧૧૧ | ૨૦૭ |
| મુળા | ૩૧૮ | ૫૦૯ |
| રીંગણા | ૩૨૭ | ૫૧૬ |
| કોબીજ | ૨૭૨ | ૪૧૦ |
| ફ્લાવર | ૨૨૯ | ૫૦૨ |
| ભીંડો | ૬૧૯ | ૮૨૧ |
| ગુવાર | ૮૩૧ | ૧૦૪૧ |
| ચોળાસીંગ | ૬૦૯ | ૮૧૪ |
| વાલોળ | ૬૧૫ | ૯૬૨ |
| ટીંડોળા | ૪૨૭ | ૮૩૩ |
| દુધી | ૨૯૧ | ૪૧૭ |
| કારેલા | ૨૮૧ | ૪૦૭ |
| સરગવો | ૬૫૮ | ૧૨૯૧ |
| તુરીયા | ૩૧૬ | ૫૨૭ |
| પરવર | ૭૭૮ | ૧૧૮૩ |
| કાકડી | ૩૨૫ | ૫૧૮ |
| ગાજર | ૩૧૧ | ૫૨૬ |
| વટાણા | ૧૦૫૭ | ૨૪૪૨ |
| કંટોળા | ૧૬૪૪ | ૨૦૫૩ |
| ગલકા | ૧૯૫ | ૩૧૦ |
| બીટ | ૩૦૯ | ૫૨૨ |
| મેથી | ૩૫૪ | ૫૮૬ |
| વાલ | ૮૧૫ | ૧૨૦૯ |
| ડુંગળી લીલી | ૫૯૩ | ૭૮૪ |
| આદુ | ૧૨૨૩ | ૩૦૨૮ |
| મરચા લીલા | ૩૩૮ | ૫૫૨ |
| મગફળી લીલી | ૫૯૨ | ૮૦૭ |
| મકાઇ લીલી | ૧૮૫ | ૩૭૭ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૭૧ | ૧૯૬૧ |
| ઘઉં લોકવન | ૫૧૬ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૫૨૮ | ૬૭૨ |
| મગફળી જીણી | ૧૩૧૬ | ૧૩૯૬ |
| સિંગદાણા જાડા | ૧૬૦૦ | ૨૦૫૧ |
| સિંગ ફાડીયા | ૧૧૩૧ | ૧૮૪૧ |
| એરંડા / એરંડી | ૧૧૩૧ | ૧૮૪૧ |
| જીરૂ | ૨૫૫૧ | ૩૯૮૧ |
| ક્લંજી | ૨૬૦૧ | ૩૬૭૧ |
| ધાણા | ૨૪૦૧ | ૩૧૧૧ |
| અડદ | ૯૦૧ | ૧૮૪૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૬૬૧ |
| રાય | ૧૩૮૧ | ૧૪૭૧ |
| મેથી | ૧૨૧૧ | ૧૫૧૧ |
| કાંગ | ૫૦૧ | ૭૫૧ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૫૭૬ |
| ધાણી | ૨૬૦૧ | ૩૧૯૧ |
| બાજરો | ૩૨૧ | ૪૫૧ |
| જુવાર | ૯૫૧ | ૧૨૮૧ |
| મકાઇ | ૭૦૧ | ૧૦૦૧ |
| મગ | ૮૦૧ | ૧૫૫૧ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૮૧ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૧૬૧ |
| ગોગળી | ૧૧૧૧ | ૧૩૯૧ |
| વટાણા | ૩૦૧ | ૭૧૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૫૦૦ |
| મરચા | ૨૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૨૦૦ |
| કોબી | ૧૪૦ | ૪૪૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૮૦ | ૭૦૦ |
| કાકડી | ૪૦ | ૬૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૦૦ |
| ગલકા | ૬૦ | ૩૦૦ |
| ગાજર | ૨૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૨૦૦ | ૨૬૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૬૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૫૦ |
| લીલી હળદર | ૨૪૦૦ | ૩૦૦૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૨ | ૬ |
| કોથમીર પુરા | ૧ | ૨ |
| મૂળા પુરા | ૩ | ૮ |
| ફોદીનો પુરા | ૨ | ૫ |
| કાચા કેળા | ૨૦૦ | ૩૦૦ |
| પચકારુ | ૧૨૦ | ૨૪૦ |
| [illegible] | ૧૦૦૦ | ૧૪૦૦ |
| [illegible] | ૪૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૭૨૦ |
| મેથી પુરા | ૧ | ૫ |
| બીટ પુરા | ૨૫ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૮૦૦ |
| કારેલા | ૧૦૦ | ૬૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૪૦૦ |
| આદુ | ૨૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૫૦૦ |
| પાલક પુરા | ૧ | ૪ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૩૧૫ |
| શિંગદાણા | ૧૫૨૫ | ૧૯૫૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૫૦ | ૧૫૮૦ |
| તલ સફેદ | ૧૨૦૫ | ૨૪૮૦ |
| તલ કાળા | ૨૦૯૫ | ૩૪૮૦ |
| તલ કાશમીરી | ૨૩૪૫ | ૨૩૪૫ |
| બાજરો | ૪૦૫ | ૪૬૫ |
| જુવાર | ૩૦૦ | ૧૧૮૦ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૭૦ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૯૦ |
| ચણા | ૯૬૦ | ૧૨૫૫ |
| સફેદ ચણા | ૮૦૦ | ૧૧૯૦ |
| તુવેર | ૧૦૭૫ | ૧૫૨૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૯૯૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૩૯૫ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૮૦૦ |
| ધાણી | ૨૨૪૦ | ૩૦૩૫ |
| અજમા | ૧૬૦૦ | ૨૯૨૦ |
| મેથી | ૧૨૨૫ | ૧૩૫૫ |
| સોયાબીન | ૧૦૧૦ | ૧૨૦૦ |
| રજકાનું બી | ૪૩૦૦ | ૮૪૭૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૫૦ | ૨૬૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૩૫૦ | ૪૫૦ |
| શકકરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| ટમેટાં | ૪૫૦ | ૬૦૦ |
| સુરણ | ૯૫૦ | ૧૦૫૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૩૬૦ | ૪૨૦ |
| ગલકા | ૩૨૦ | ૪૩૦ |
| મૂળા | ૨૨૦ | ૩૧૦ |
| કાકડી | ૨૦૦ | ૬૨૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૭૦૦ |
| વટાણા | ૨૫૦૦ | ૨૯૦૦ |
| ચોળા લીલા | ૪૩૦ | ૬૨૦ |
| તુરીયા | ૪૦૦ | ૬૦૦ |
| ચીભડા | ૫૦૦ | ૮૦૦ |
| શિંગઓળા | ૭૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| આદુ | ૧૬૦૦ | ૨૫૦૦ |
| કોથમીર | ૧૫૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૪૫૦ | ૫૫૦ |
| ફોદીનો | ૭૨૦ | ૭૯૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૦૦ |
| બીટ | ૫૨૦ | ૬૩૦ |
| સરગવો | ૮૮૦ | ૯૮૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી સુકી | ૬૦૦ | ૮૦૦ |
| લસણ સુકું | ૧૪૦૦ | ૨૮૦૦ |
| પાલક | ૪૨૦ | ૫૩૦ |
| લીબુ | ૮૦૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૩૨૦ | ૪૧૦ |
| કંટોલા | ૧૮૨૦ | ૨૨૫૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૩૭૧ |
| તલ કાળા | ૨૭૦૦ | ૩૪૦૦ |
| જીરૂ | ૩૧૬૦ | ૩૬૫૩ |
| કપાસ | ૧૫૦૦ | ૧૯૮૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૨ |
| બાજરો | ૩૫૦ | ૪૩૦ |
| જુવાર | ૬૦૦ | ૧૨૫૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૫૦ |
| તુવેર | ૧૩૫૦ | ૧૫૬૩ |
| એરડી | ૧૨૭૦ | ૧૩૧૫ |
| **ધારી** | | |
| કપાસ | ૧૪૩૦ | ૧૮૧૫ |
| ઘઉં | ૫૧૫ | ૫૨૫ |
| ચણા | ૧૧૨૫ | ૧૧૨૫ |
| તલ | ૧૯૭૫ | ૧૯૭૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૭૨૫ |
| ઘઉ લોકવન | ૪૭૨ | ૫૪૬ |
| ઘઉ ટુકડા | ૪૯૦ | ૫૩૦ |
| તલ કાળા | ૧૭૯૦ | ૨૬૨૫ |
| તલ સફેદ | ૨૦૭૦ | ૨૨૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૭૧ |
| સોયાબીન | ૧૦૯૫ | ૧૧૨૧ |
| ધાણા | ૨૫૦૦ | ૨૭૦૫ |
| શીંગ દાણા | ૧૫૯૫ | ૧૮૯૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| રજકા બી | ૨૦૦૦ | ૨૦૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૫૮૦ | ૧૯૦૦ |
| જીરૂ | ૩૩૪૦ | ૩૬૪૦ |
| ચણા | ૧૦૭૦ | ૧૧૬૦ |
| ઘઉ | ૪૯૧ | ૫૨૪ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૭૯૬ |
| ઘઉં | ૪૫૦ | ૫૫૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૭૬ |
| તુવેર | ૧૦૦૧ | ૧૪૦૧ |
| શિંગ દાણા | ૧૬૦૧ | ૧૮૪૧ |
| શિંગ ફાડા | ૧૪૦૧ | ૧૫૦૧ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૩૬૬ |
| ધાણા | ૨૦૦૧ | ૨૮૩૬ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૧૫૬ |
| **મહુવા** | | |
| કપાસ શંકર | ૧૭૫૮ | ૧૭૫૮ |
| શીંગ મગડી | ૧૫૪૨ | ૧૫૪૨ |
| શીંગ ટી.જે. | ૯૦૫ | ૯૦૫ |
| શીંગ ૩૯ | ૧૨૮૨ | ૧૩૬૧ |
| શીંગ જી-૨૦ | ૯૭૦ | ૧૧૦૦ |
| એરંડા | ૧૦૫૨ | ૧૦૫૨ |
| જુવાર | ૫૫૭ | ૬૪૨ |
| બાજરી | ૩૭૦ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૦૦ |
| મકાઈ | ૬૪૦ | ૬૪૦ |
| મગ | ૧૩૩૫ | ૧૪૦૦ |
| ચણા | ૧૦૩૫ | ૧૨૧૮ |
| તલ | ૨૧૬૮ | ૨૪૫૫ |
| તલ કાળા | ૧૮૮૦ | ૩૩૫૦ |
| તુવેર | ૧૩૪૮ | ૧૩૪૮ |
| અજમો | ૧૭૧૫ | ૧૭૧૫ |
| ડુંગળી | ૮૦ | ૮૩૫ |
| ડુંગળી સફેદ | ૧૮૨ | ૫૬૯ |
| નાળીયેર | ૫૧૦ | ૩૨૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૦૯૪ |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૫૧૮ |
| ઘઉં | ૪૭૦ | ૫૮૪ |
| જુવાર | ૯૫૦ | ૧૧૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૮૪૦ |
| મગ | ૧૧૫૦ | ૧૫૧૦ |
| ચણા | ૧૦૨૫ | ૧૩૪૦ |
| સફેદ તલ | ૧૮૧૧ | ૨૩૦૨ |
| કાળા તલ | ૧૯૦૦ | ૩૪૧૫ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૫૬ |
| રજકો | ૭૦૦૦ | ૯૩૫૦ |
| **જામનગર** | | |
| બાજરી | ૩૮૫ | ૪૦૫ |
| ઘઉં | ૪૮૦ | ૫૬૬ |
| મગ | ૧૧૨૦ | ૧૪૪૦ |
| તુવેર | ૧૧૫૫ | ૧૫૬૫ |
| ચણા | ૯૦૦ | ૧૨૬૨ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તલી | ૧૬૦૦ | ૨૪૨૫ |
| તલ કાળા | ૧૯૨૫ | ૨૯૦૫ |
| લસણ | ૬૫૦ | ૨૩૭૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૨૫ |
| ડુંગળી સુકી | ૩૫૦ | ૮૨૫ |
| ડુંગળી નાસિક | ૩૨૫ | ૭૮૫ |
| શીંગ દાણા | ૧૫૦૦ | ૧૯૫૦ |
| વટાણા | ૫૦૦ | ૫૨૫ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૨૨૩ | ૨૪૦૦ |
| કપાસ | ૧૭૫૧ | ૧૭૫૧ |
| બાજરો | ૩૭૫ | ૫૧૪ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૫૫ |
| જુવાર | ૬૫૧ | ૧૩૧૬ |
| મગ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ચણા | ૧૦૧૧ | ૧૨૦૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલીની ગજેરા કેમ્પસના ખેલાડીઓએ હેન્ડબોલ સ્પર્ધામાં કાંસ્ય પદક મેળવ્યું

અમરેલી,તા.૨૭



અમરેલી ગજેરા કેમ્પસ-વિદ્યાસભાના ખેલાડીઓએ અમદાવાદ ખાતે યોજાયેલી રાજ્ય કક્ષાની હેન્ડબોલ સબ-જુનિયર ૨૦૨૬ સ્પર્ધામાં કાંસ્ય પદક મેળવી અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. તા. ૧૭થી ૨૦ ઓગસ્ટ દરમિયાન યોજાયેલી આ સ્પર્ધામાં રાજ્યની વિવિધ શાળાઓની શ્રેષ્ઠ હેન્ડબોલ ટીમોએ ભાગ લીધો હતો. ગજેરા કેમ્પસની બહેનોની ટીમે સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરી કાંસ્ય પદક મેળવ્યું હતું. ટીમમાં મકવાણા જેનીશા, મેર કિરણ, ગોસાઈ ભક્તિ, શેખ નવ્યા, તામગડીયા માનસી, મકવાણા અક્ષરા સહિત ૧૬ ખેલાડીઓનો સમાવેશ થાય છે. ખેલાડીઓની આ સફળતા પાછળ નિયમિત પ્રશિક્ષણ, કોચનું માર્ગદર્શન અને સંસ્થાના સહયોગનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો હતો. સિધ્ધિ બદલ પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા સહિત સંસ્થાના આગેવાનોએ ખેલાડીઓ તથા કોચ રવિભાઈ નાવડિયા, ટ્રેનર કમલેશભાઈ ભાલીયા અને ભૂમિબેન ડાંગરને અભિનંદન પાઠવ્યા હતા.

# ઉનાના રામપરાની સીમમાંથી સિંહણનો કોહવાયેલો મૃતદેહ મળતા ખળભળાટ

ઉના,તા.૨૭



ઉના તાલુકાના રામપરા ગામની સીમમાંથી ગુરુવારે બપોરે આશરે ૫થી ૯ વર્ષની સિંહણનો કોહવાયેલો મૃતદેહ મળી આવતા વનવિભાગમાં દોડધામ મચી હતી.

સ્થાનિક સરપંચે જાણ કરતાં જસાધાર વનવિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

પ્રાથમિક તપાસમાં સિંહણના મોઢા, પાછળના ભાગ અને પાછળના પગ પર ગંભીર ઈજાના નિશાન મળી આવ્યા હતા. મૃતદેહ પર જીવાત પડી ગયેલી હોવાથી તે અત્યંત કોહવાયેલી હાલતમાં હતો. વનવિભાગના જણાવ્યા મુજબ મૃતદેહ એકાદ દિવસ જૂનો હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે.

રામપરાની સીમમાં નર સિંહની અવરજવર રહેતી હોવાથી સિંહ-સિંહણ વચ્ચે ઈનફાઈટ થઈ હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જોકે, મોતનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી. વનવિભાગે આસપાસના વિસ્તારમાં સ્કેનિંગ શરૂ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ધાતરવડી-૧ યોજનામાંથી કેનાલ શરૂ કરવા અને રિપેરિંગ માટે હીરાભાઈ સોલંકીને રજૂઆત

અમરેલી,તા.૨૭

ધાતરવડી-૧ સિંચાઈ યોજનામાંથી કેનાલ મારફતે પાણી છોડવા તથા કેનાલના રિપેરિંગ માટે રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીને પત્ર લખીને રજૂઆત કરવામાં આવી છે. જુની માંડરડી સેવા સહકારી મંડળી, રાજુલા પિયત સિંચાઈ મંડળના પ્રમુખ અને માર્કેટ યાર્ડ-રાજુલાના ડાયરેક્ટર રમેશભાઈ વી. વસોયા દ્વારા કરવામાં આવેલી આ રજૂઆતમાં જણાવાયું છે કે ધાતરવડી-૧ યોજનાથી ૧૩ ગામના ખેડૂતોને સિંચાઈનું પાણી મળે છે. હાલ વરસાદ ન હોવાથી ખેડૂતોને પિયત માટે પાણીની જરૂરિયાત છે, જેથી ડેમ પરથી વહી જતું પાણી કેનાલ મારફતે ખેડૂતોને પૂરું પાડવામાં આવે.આ સાથે જ આગામી સમયમાં કેનાલનું રિપેરિંગ કરી, જરૂરી પ્લાન અને એસ્ટીમેટ બનાવીને ખેડૂતોને જરૂરિયાત મુજબ સમયમર્યાદામાં પાણી મળી રહે તે માટે આ પ્રશ્નમાં અંગત રસ લઈને યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરાઈ છે.

# કૌશિક વેકરીયાના હસ્તે વડીયાના દેવળકી ગામે ૬૪ લાખના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૨૭



અમરેલી-વડીયા-કુંકાવાવ વિધાનસભા મતવિસ્તારમાં વિકાસકાર્યોની શૃંખલા અંતર્ગત વડીયા તાલુકાના દેવળકી ગામે ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે આશરે રૂ. ૬૪ લાખના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. દેવળકીમાં આંગણવાડી, સ્નાનઘાટ, સુરક્ષા દિવાલ, સીસી રોડ, બ્લોક રોડ અને કોઝવે સહિતના વિકાસકાર્યો હાથ ધરાશે. કાર્યો પૂર્ણ થતાં ગ્રામજનોને જરૂરી માળખાકીય સુવિધાઓ વધુ સુલભ બનશે. મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ વિકાસકાર્યો ગુણવત્તાયુક્ત રીતે અને સમયમર્યાદામાં પૂર્ણ કરવા તંત્રને સૂચના આપી હતી. ઉનાળા દરમિયાન હાથ ધરાયેલા જળસંચયના કાર્યો અંતર્ગત ગામમાંથી પસાર થતી નદીના તળાવને ઊંડું કરવામાં આવ્યું હતું. તાજેતરના વરસાદથી તળાવમાં નવા નીરની આવક થતાં ગ્રામજનોએ મંત્રીની ઉપસ્થિતિમાં નવા નીરના વધામણાં કર્યા હતા. શિવાલય ખાતે ગ્રામજનો દ્વારા દરરોજ આશરે ૧૫ કિલો લોટમાંથી રોટલા બનાવી શ્વાનને ખવડાવવાની જીવદયા સેવાની પણ મંત્રીએ સરાહના કરી હતી.

# ઉના-ગીરગઢડામાં લઠ્ઠાકાંડના વિરોધમાં કોંગ્રેસનું પ્રદર્શન

ઉના,તા.૨૭


તસવીર : કૈલેશ ભટ્ટ

ઉના-ગીરગઢડા સહિત સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં બેફામ રીતે ચાલી રહેલા દારૂના ગેરકાયદેસર વેચાણ તથા ભાવનગર લઠ્ઠાકાંડના વિરોધમાં ઉના-ગીરગઢડા તાલુકા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયું હતું. કોંગ્રેસે સરકાર અને તંત્રની નિષ્ફળતા સામે રોષ વ્યક્ત કરી ગેરકાયદેસર દારૂના વેચાણ પર તાત્કાલિક રોક લગાવવા અને લઠ્ઠાકાંડ માટે જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. તેમજ રાજ્યના ગૃહમંત્રીએ જવાબદારી સ્વીકારી પદ પરથી રાજીનામું આપવાની માંગ કરવામાં આવી હતી.

# SGVP ઈન્ટરનેશનલ સ્કૂલમાં રાષ્ટ્રીય અવકાશ દિવસની ભવ્ય ઉજવણી કરાઈ

અમરેલી,તા.૨૭



SGVP ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે SAC, ISROના સહયોગથી રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પૂજ્ય ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી યોજાયેલા કાર્યક્રમમાં અવકાશ પોસ્ટર-મેકિંગ, વાર્તા-કથન, ક્વિઝ અને ચિત્રકામ જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં ૨૮૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ૧૮ વિદ્યાર્થીઓએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ પ્રસંગે SAC, ISROના સાવન લિખિયા, વેંકટરામન અને દિનેશ અગ્રવાલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિજેતા વિદ્યાર્થીઓને સ્મૃતિચિહ્નો અને પ્રમાણપત્રો આપી સન્માનિત કર્યા હતા. પૂજ્ય સ્વામીજીએ વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. SGVP ગુરુકુળમાં વિદ્યાર્થીઓને ધર્મ સાથે વિજ્ઞાનનું શિક્ષણ પણ આપવામાં આવે છે.

# અમરેલીની મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજની NSSની બહેનોએ મૂક-બધિર વિદ્યાર્થીઓ સાથે રક્ષાબંધન ઉજવ્યું

અમરેલી,તા.૨૭



અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા અમરેલી જિલ્લાની મૂક-બધિર શાળાના વિદ્યાર્થીઓ સાથે રક્ષાબંધન પર્વની હૃદયસ્પર્શી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે એન.એસ.એસ.ની વિદ્યાર્થિનીઓએ મૂક-બધિર શાળાના વિદ્યાર્થીઓને રાખડી બાંધીને પ્રેમ, લાગણી અને આત્મીયતાનો સંદેશ આપ્યો હતો. આ ઉજવણી થકી વિદ્યાર્થિનીઓએ 'સેવા પરમોધર્મ:'ની ભાવનાને જીવંત કરી સમાજ સમક્ષ માનવતા અને સમાનતાનો સુંદર સંદેશ પ્રસ્તુત કર્યો હતો.આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. વિલાસબહેન સોરઠિયાના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઑફિસર ડૉ. નિરૂપા ટાંક દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે મૂક-બધિર શાળાના પ્રિન્સિપાલ વિશાલભાઈ જોશી, વ્યવસ્થાપક રઘુભાઈ ભટ્ટ તેમજ શિક્ષકગણ ગૌતમભાઈ સોલંકી, સુરેશભાઈ પરમાર, નરેન્દ્રભાઈ ગળધરા, ધારાબહેન અને દર્શનાબહેને સક્રિય સહકાર પૂરો પાડ્યો હતો.

**રાજયમંત્રી કૌશિક વેકરીયાની રજૂઆતને મળી સફળતા**

# કુંકાવાવ તાલુકામાં રૂ. ૪.૫૦ કરોડના ત્રણ વિકાસકામોને મંજૂરી

અમરેલી,તા.૨૭



કુંકાવાવ તાલુકાના વિવિધ વિસ્તારોમાં માર્ગ સુવિધા, માર્ગ સલામતી અને વરસાદી પાણીના અસરકારક નિકાલને ધ્યાનમાં રાખીને અમરેલી-કુંકાવાવ-વડીયાના ધારાસભ્ય અને મંત્રી કૌશિકભાઈ વેકરિયાની સતત રજૂઆતોને સફળતા મળી છે. રાજ્ય સરકાર દ્વારા તાલુકાના મુખ્ય માર્ગો સાથે જોડાયેલા કુલ રૂ. ૪.૫૦ કરોડના ત્રણ મહત્વપૂર્ણ વિકાસકામોને મંજૂરી આપવામાં આવી છે. ચોકી-ખાખરીયા રોડ પર રૂ. ૫૫ લાખના ખર્ચે નવા પાઈપ ડ્રેઈન અને જરૂરી સ્ટ્રક્ચર રિપેરિંગની કામગીરી કરવામાં આવશે. આ માર્ગ કુંકાવાવને વડિયા તથા જેતપુર તાલુકા સાથે જોડતો મહત્વપૂર્ણ માર્ગ છે. ગોંડલ-દેરડી-કુંકાવાવ-બગસરા-ધારી-તુલશીશ્યામ રોડ પર જૂના બ્રિજના સ્થાને રૂ. ૩.૩૫ કરોડના ખર્ચે ૧૦ મીટર પહોળાઈ ધરાવતા નવા આર.સી.સી. બ્રિજનું નિર્માણ કરાશે. સાથે જરૂરી સ્ટ્રક્ચર રિપેરિંગ પણ કરવામાં આવશે. મોટી કુંકાવાવ-નાની કુંકાવાવ-લુણીધાર રોડ પર રૂ. ૬૦ લાખના ખર્ચે નવા પાઈપ ડ્રેઈનનું નિર્માણ થશે.

તેનાથી વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા વધુ અસરકારક બનશે અને માર્ગને નુકસાનથી બચાવવામાં મદદ મળશે. કૌશિકભાઈ વેકરિયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીનો આભાર વ્યક્ત કર્યો હતો.

**ચોકી-ખાખરીયા રોડ પર રૂ. ૫૫ લાખના ખર્ચે નવા પાઇપ ડ્રેઇન અને જરૂરી સ્ટ્રક્ચર રિપેરિંગની કામગીરી કરવામાં આવશે**

**ફરજમાં બેદરકારી દાખવનારાઓ સામે ડેપો મેનેજરની લાલઆંખ**

# ફતેપુરાની બસ ન ઉપાડવા બદલ બગસરાના કંડકટરને સસપેન્ડ કરાયો

બગસરા,તા.૨૭

બગસરા ડેપોની ફતેપુરા બસ ન ઉપાડતા કંડકટરને ડેપો મેનેજરે સસપેન્ડ કરી નાખતા એસ.ટી.કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે. બપોરે ૧૪:૪૫ કલાકે ઉપડતી બગસરા-ફતેપુરાના કંડકટર તરીકેની ફરજ ભરત ભાંગરાને સોંપવામાં આવી હતી. જો કે આ બસમાં ફરજમાં આવવાને બદલે ગેરહાજર રહેતા ડેપો મેનેજર નિમિષાબા ગઢવીએ સસપેન્શન ઓર્ડરમાં જણાવ્યું હતું કે, બગસરા-ફતેપુરા બસમાં ફરજ પર હાજર રહેવાને બદલે મનસ્વી રીતે ગેરહાજર રહી બસ ઉપાડેલ નહોતી.જેથી ડેપોના સંચાલનમાં અવરોધ ઉભો થયો હતો અને મુસાફરો દ્વારા ફરિયાદ ઉઠવા પામી હતી. બસ સમય કરતા દોઢ કલાક મોડી ઉપડતા નિગમની પ્રતિષ્ઠાને નુકસાન થયુ હોવાનું જણાવી કંડકટર ભરત ભાંગરાને સસપેન્ડ કરવામાં આવ્યો હતો. આમ, માત્ર ચાર દિવસના ગાળામાં બે કંડકટરને સસપેન્ડ કરવામાં આવતા બેદરકાર કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે.

**ચાર દિવસમાં બે કંડકટરને સસપેન્ડ કરતા એસ.ટી.કર્મીઓમાં ફફડાટ**

-:: જાહેર નોટીસ ::-

## એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ગીરગઢડા

અરજી નં.૧૧૪/૨૦૨૬
જન્મ તારીખ : ૦૪/૦૧/૧૯૯૧

સાકરૂબેન ભાવુભાઈ ગોહીલ,
રહે. ટીંબી, તા.જાફરાબાદ, જિ.અમરેલી ............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ધોકડવા, તા.ગીરગઢડા, જિ.ગીરસોમનાથ
.........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સાકરૂબેન ભાવુભાઈ ગોહીલ, રહે. ટીંબી, તા.જાફરાબાદ, જિ.અમરેલીવાળાએ તેમના પુત્ર બાલભદ્રસિંહ ભાવુભાઈ ગોહીલનો જન્મ તારીખ. ૦૪/૦૧/૧૯૯૧ ના રોજ ગીરગઢડા તાલુકાના ધોકડવા મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન વાંધ જવાબ રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૭/૦૮/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

**હુકમથી !**
**સહી**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ગીરગઢડા**

# ગધેથડ ગાયત્રી આશ્રમ ખાતે લાલબાપુના ખબર અંતર પૂછતા મંત્રી કૌશિક વેકરીયા



ઉના,તા.૨૭

ગધેથડ ગાયત્રી આશ્રમ ખાતે સૌરાષ્ટ્રની સંત પરંપરાના સંત શિરોમણી અને ગાયત્રી માતાજીના પરમ ઉપાસક પૂજ્ય લાલબાપુના ખબર અંતર પૂછવા મંત્રી કૌશિક વેકરીયા પહોંચ્યા હતા. તેમણે બાપુના સ્વાસ્થ્ય અને નિરામય જીવન માટે પ્રાર્થના કરી આશીર્વાદ લીધા હતા. બાપુના સાનિધ્યમાં હંમેશા આત્મીયતા અને આધ્યાત્મિક ઊર્જાની અનુભૂતિ થાય છે. આ પ્રસંગે સંજયસિંહ મહિડા, કમલેશભાઈ પટેલ અને પ્રદેશ ભાજપના આગેવાન જયરાજસિંહ પરમાર પણ ઉપસ્થિત રહ્યા હતા.

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ મરણ કેસ નં. ૨૨૧/૨૦૨૬

અરજદાર: મોહનભાઈ દેગણભાઈ શિયાળ
સરનામુ: રે. શિયાળબેટ તા. જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
-વ-
તલાટી કમ મંત્રીશ્રી-શિયાળબેટ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી ભાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના શિયાળબેટ ગામના શ્રી મોહનભાઈ દેગણભાઈ શિયાળ એ તેમના પુત્રી નામે કિંતાબેન મોહનભાઈ શિયાળ નો જન્મ તા.૦૧/૦૧/૨૦૦૭ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એચ.બી.જાલંધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનો જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તરકાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકાર રજૂ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે, જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૭/૦૮/૨૦૨૬**
કોર્ટનો સિક્કો
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ મરણ કેસ નં. ૨૨૨/૨૦૨૬

અરજદાર: બાળધીયા રાધાબેન ભરતભાઈ
સરનામુ: રે. શિયાળબેટ તા. જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર
-વ-
તલાટી કમ મંત્રીશ્રી-શિયાળબેટ તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના શિયાળબેટ ગામના શ્રી બાળધીયા રાધાબેન ભરતભાઈ એ તેમના પુત્ર નામે બાળધીયા દિપકભાઈ ભરતભાઈ નો જન્મ તા.૦૧/૦૨/૨૦૧૭ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એચ.બી.જાલંધરા મારફત અંત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વિધી, તરકાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વિધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજે તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૦૭/૦૮/૨૦૨૬**
કોર્ટનો સિક્કો
**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

# નેપાળના વિનાશક પૂર વચ્ચે મૂળ અમરેલીના આધેડ ગુમ

અમરેલી,તા.૨૭

નેપાળમાં બુધવારે આવેલા વિનાશક પૂર દરમિયાન મૂળ અમરેલીના આધેડ ગુમ થયા હોવાની માહિતી સામે આવી છે. અમરેલી કલેક્ટર કચેરીમાંથી મળતી માહિતી મુજબ, મૂળ અમરેલીના અને હાલ અમદાવાદ ખાતે રહેતા દિનેશભાઈ પટેલ નેપાળમાં આવેલા ભયાનક પૂર દરમિયાન ગુમ થયા હોવાનું



જાણવા મળ્યું છે. દિનેશભાઈ પટેલ અમેરિકાની નાગરિકતા ધરાવતા હોવાનું પણ જાણવા મળ્યું છે. તેઓ નેપાળમાં કયા સ્થળે અને કયા સંજોગોમાં ગુમ થયા તે અંગેની વધુ વિગતો હજુ સામે આવી નથી. દિનેશભાઈ ગુમ થયાના સમાચાર મળતા તેમના પરિવારજનોમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. પરિવારજનો દ્વારા તેમની સલામતી અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સમગ્ર મામલે સંબંધિત તંત્ર દ્વારા દિનેશભાઈ પટેલની શોધખોળ અને જરૂરી માહિતી મેળવવા કાર્યવાહી હાથ ધરાઈ હોવાનું જાણવા મળે છે. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

# ઓલિમ્પિકમાં નવી રમતોમાં ભારતની ભાગીદારી વધારવા પર પીએમ મોદીનો ભાર

નવી દિલ્હી, તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ૧,૫૦૦થી વધુ સ્થળોએ યુવાનો અને ખેલાડીઓ સાથે વર્ચ્યુઅલ સંવાદ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ૧૫ ઓગસ્ટે દેશ સમક્ષ રજૂ કરેલું સ્પોર્ટ્સ વિઝન માત્ર મેડલ જીતવા પૂરતું મર્યાદિત નથી, પરંતુ વિકસિત ભારતના નિર્માણ અને દેશની રમતગમત




શક્તિ વધારવાનું અભિયાન છે. મોદીએ કહ્યું કે ઓલિમ્પિકમાં ભારતની ૨૦થી વધુ રમતોમાં ભાગીદારી રહી નથી. અન્ય દેશો આ રમતોમાં મેડલ જીતી રહ્યા છે, ત્યારે ભારતે પણ નવી રમતોમાં પોતાની હાજરી વધારવી પડશે. તેમણે સર્ફિંગનું ઉદાહરણ આપતાં કહ્યું કે લાંબી દરિયાઈ તટરેખા હોવા છતાં ભારત આ રમતમાં હજુ પાછળ છે. તેમણે કહ્યું કે રમત માત્ર મેદાનમાં જીતવાનું માધ્યમ નથી, પરંતુ વ્યક્તિત્વ વિકાસ અને દેશનું ગૌરવ વધારવાનું સાધન છે. મોદીએ સૌને રાષ્ટ્રીય ખેલ દિવસની શુભેચ્છા પાઠવી હતી.

**૧,૫૦૦થી વધુ સ્થળોએ યુવાનો અને ખેલાડીઓ સાથે વર્ચ્યુઅલ સંવાદ, 'જે ખેલે, તે ખીલે'નો સંદેશ**

# અમરેલીની અમૃતધારા સોસાયટીમાં દીપડાના આંટાફેરાથી ફફડાટ

અમરેલી, તા.૨૭



અમરેલીના ચક્કરગઢ રોડ પર આવેલી અમૃતધારા સોસાયટીમાં રાત્રિના સમયે દીપડાના આંટાફેરાથી રહીશોમાં ભયનો માહોલ સર્જાયો હતો. રાત્રિના આશરે ૧૨ વાગ્યાના અરસામાં સોસાયટી વિસ્તારમાં દીપડો જોવા મળ્યો હતો. દીપડાની હાજરીથી સ્થાનિક રહેવાસીઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. દીપડાના આંટાફેરા સ્થાનિક રહેવાસીના સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. રહેણાક વિસ્તારમાં દીપડાની અવરજવર સામે વન વિભાગ દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી સ્થાનિકોએ માંગ કરી હતી. ઘટનાને પગલે રહીશો રાત્રિના સમયે સાવચેત બન્યા છે.

# મનુસ્મૃતિ વિવાદ મામલે શંકરાચાર્યે રાહુલ ગાંધી પાસે માફીની માંગ કરી

બેમેતારા તા.૨૭

જ્યોતિર્મઠના શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ મનુસ્મૃતિ અંગે લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી સામે વાંધો વ્યક્ત કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો કે રાહુલ ગાંધી મનુસ્મૃતિનું ખોટું અર્થઘટન કરી રહ્યા છે અને તેમના દાવાઓના સમર્થનમાં નક્કર ઉદાહરણો






આપતા નથી. શંકરાચાર્યે જણાવ્યું કે ધાર્મિક ગ્રંથ અંગે કોઈ પણ ટિપ્પણી કરતા પહેલાં તેના મૂળ સંદર્ભ અને અર્થને સમજવો જરૂરી છે. તેમણે કહ્યું કે રાહુલ ગાંધીને મનુસ્મૃતિ અંગે કોઈ પ્રશ્ન હોય તો તેમની સાથે ચર્ચા કરી શકાય છે. તેમણે આ મુદ્દે રાહુલ ગાંધીને પત્ર પણ મોકલ્યો હોવાનું જણાવ્યું હતું. અવિમુક્તેશ્વરાનંદે સ્પષ્ટ કર્યું કે તેમનો વિરોધ કોઈ વ્યક્તિ કે રાજકીય પક્ષ સામે નથી, પરંતુ ધાર્મિક ગ્રંથ અંગે કરવામાં આવતી ટિપ્પણીઓ સામે છે. તેમણે ચેતવણી આપી કે જો રાહુલ ગાંધી પોતાની ટિપ્પણીઓ બદલ માફી નહીં માંગે અને આવી ટિપ્પણીઓ ચાલુ રહેશે, તો તેઓ કોંગ્રેસ સામે હિન્દુ બહિષ્કાર અભિયાન શરૂ કરવા અંગે વિચારશે.

# ધારીના ખાડિયા વિસ્તારમાં દીપડો પાંજરે પુરાયો

ધારી, તા.૨૭



ધારીની ગણેશ સોસાયટી નજીક આવેલા ખાડિયા વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી દીપડાના આંટાફેરાથી સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. દીપડો દેખાતા સ્થાનિકોએ વન વિભાગને જાણ કરી હતી. માહિતી મળતા વન વિભાગની ટીમે વિસ્તારમાં પાંજરું ગોઠવ્યું હતું. સાંજના સમયે દીપડો પાંજરામાં આબાદ ઝડપાઈ જતાં વન વિભાગને સફળતા મળી હતી. રહેણાક વિસ્તાર નજીકથી દીપડો પાંજરે પુરાતા સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો. દીપડાને સુરક્ષિત રીતે કબજે લઈ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# ઉત્તરાખંડમાં ભૂસ્ખલનનું જોખમ, શ્રીનગરનો ૨૨% વિસ્તાર સંવેદનશીલ

દહેરાદૂન, તા.૨૭

ઉત્તરાખંડના શ્રીનગર અને આસપાસના વિસ્તારોમાં ૨૨ ટકાથી વધુ વિસ્તાર ભૂસ્ખલનના જોખમ માટે સંવેદનશીલ હોવાનું એક અભ્યાસમાં સામે આવ્યું છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (એનઆઈટી)ના સંશોધકોએ આશરે ૭૦ ચોરસ કિલોમીટર વિસ્તારનો ભૂસ્ખલન જોખમ નકશો તૈયાર કર્યો છે.



આ નકશો ભવિષ્યની વિકાસ યોજનાઓ અને સરકારી કાર્યક્રમોના આયોજનમાં ઉપયોગી સાબિત થઈ શકે છે. સંશોધક ડો. વિકાસ પ્રતાપ સિંહ અને મોહમ્મદ શોએબે તૈયાર કરેલા અભ્યાસમાં વિસ્તારને અત્યંત સંવેદનશીલ, સંવેદનશીલ, મધ્યમ સંવેદનશીલ અને ઓછા સંવેદનશીલ એમ ચાર વર્ગોમાં વહેંચવામાં આવ્યો છે. અભ્યાસમાં વરસાદ, ખડકોની ગુણવત્તા, ખડકોમાં તિરાડો, જળસ્ત્રોતોથી અંતર, ભૂસ્તરીય ખામીઓ અને જમીનના ઉપયોગ સહિત ૧૧ પરિબળોને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. ત્યારબાદ ભૂસ્તરીય માહિતીને જીઆઈએસ આધારિત આંકડાકીય મોડેલ દ્વારા વિશ્લેષણ કરવામાં આવી હતી.

# હરિયાણા વિધાનસભામાં કોંગ્રેસનો હોબાળો, ગૃહ બે વાર સ્થગિત કરવું પડ્યું

ચંડીગઢ, તા.૨૭

હરિયાણા વિધાનસભાના ચોમાસુ સત્રના પ્રથમ દિવસે કોંગ્રેસના ધારાસભ્યોએ વિવિધ મુદ્દે સરકાર સામે ભારે વિરોધ નોંધાવ્યો હતો. કાયદો-વ્યવસ્થા, દિલ્હીના જંતર-મંતર પર વિદ્યાર્થીઓ સામે થયેલી કાર્યવાહી અને રામ મંદિરના પ્રસાદની ચોરીના મુદ્દે કોંગ્રેસે પગપાળા કૂચ યોજી હતી. આ દરમિયાન પોલીસ અને કોંગ્રેસના ધારાસભ્યો વચ્ચે



ઘર્ષણ થયું હતું. વિપક્ષના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી ભૂપિન્દર સિંહ હુડ્ડાએ આરોપ લગાવ્યો કે પોલીસે ધારાસભ્યોને રોકવા બેરિકેડ લગાવ્યા અને બળનો ઉપયોગ કર્યો હતો, જેમાં કેટલાક ધારાસભ્યો ઘાયલ થયા હતા. તેમણે પોલીસની કાર્યવાહી સામે આકરા શબ્દોમાં વિરોધ વ્યક્ત કરી તેને લોકશાહી અને બંધારણીય અધિકારો વિરુધ્ધ ગણાવી હતી. વિધાનસભામાં પણ કોંગ્રેસે ધારાસભ્યો સાથે થયેલી ઝપાઝપીનો મુદ્દો ઉઠાવી ભારે હોબાળો મચાવ્યો હતો. હુડ્ડાએ સુરક્ષા કર્મચારીઓ પર ધારાસભ્યો સાથે દુર્વ્યવહાર કરવાનો આરોપ લગાવ્યો હતો. હોબાળાને પગલે સ્પીકર હરવિંદર કલ્યાણે ગૃહને બે વખત સ્થગિત કરવું પડ્યું હતું.

# નેપાળમાં પૂર બાદ બિહાર-યુપીમાં પૂરનો ખતરો, ગામોને ખાલી કરાવવાની કામગીરી શરૂ

પટના,તા.૨૭

નેપાળના રસુવામાં બુધવારે પૂરથી તબાહી સર્જાયા બાદ બિહારની ગંડક નદીમાં જળસ્તર વધવા લાગ્યું છે. પૂર બાદ ગંડક નદીમાં ત્રણ મીટર ઊંચા મોજા ઉછળવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ સ્થિતિને પગલે બિહારના આઠ જિલ્લાઓમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને પૂરનું જોખમ વધ્યું છે. નદી કિનારે આવેલા ગામોના લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી શરૂ કરવામાં આવી



છે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશના મહારાજગંજ અને કુશીનગર જિલ્લાઓને પણ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. બીજી તરફ, મધ્યપ્રદેશના પૂર્વીય અને ઉત્તરીય ભાગના ૧૭ જિલ્લામાં ગુરુવારે ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

# રાજસ્થાનમાં મૌલવી સામે સગીર વિદ્યાર્થીની પર બળાત્કારનો આરોપ

બારન, તા.૨૭

રાજસ્થાનના બારન જિલ્લાના અંતા શહેરમાં મદરેસામાં અભ્યાસ કરતી સગીર વિદ્યાર્થીની સાથે બળાત્કાર કર્યાના આરોપમાં એક મૌલવી સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. પીડિતાની ફરિયાદના આધારે અંતા પોલીસે પોક્સો એક્ટ સહિતની ગંભીર કલમો હેઠળ કેસ નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસ અધિકારી ભૂપેશ શર્માના જણાવ્યા અનુસાર, સગીર વિદ્યાર્થીની મસ્જિદમાં આવેલા મદરેસામાં અભ્યાસ કરવા જતી હતી. આરોપ છે કે મૌલવીએ અભ્યાસ બાદ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. પોલીસે પીડિતાની તબીબી તપાસ કરાવી આરોપીની શોધખોળ શરૂ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, તપાસના આધારે કાર્યવાહી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે નવેમ્બર ૨૦૨૫માં અલવર જિલ્લામાં પણ મસ્જિદમાં પાંચ વર્ષની બાળકી સાથે બળાત્કારના કેસમાં એક મૌલવીને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી.

# અમલનેર રેલવે ટ્રેક પર એક જ પરિવારના ચાર સભ્યોનાં મોતથી ગામમાં શોકનો માહોલ

જલગાંવ, તા.૨૭

જલગાંવ જિલ્લાના અમલનેર તાલુકાના ટાકરખેડામાં ગુરુવારે વહેલી સવારે એક જ પરિવારના ચાર સભ્યોનાં મોત થતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. પશ્ચિમ રેલવેના અધિકારીઓએ સવારે ૪:૪૦ વાગ્યે અમલનેર પોલીસને ઘટનાની જાણ કરી હતી. માહિતી મળતાં પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. મૃતકોની ઓળખ સુનિલ અમૃત ભીલ, તેમની પત્ની પાર્વતી ભીલ તથા તેમના બે પુત્ર સન્ની અને રાજ તરીકે થઈ છે. સન્ની ધોરણ-૨માં અભ્યાસ કરતો હતો, જ્યારે રાજ આંગણવાડીમાં જતો હતો.

પ્રાથમિક માહિતી મુજબ, પરિવાર વહેલી સવારે ઘરેથી નીકળ્યો હતો અને ધારણગાંવ-અમલનેર વચ્ચે રેલવે ટ્રેક પર આ દુર્ઘટના બની હતી. પોલીસે મૃતદેહોની તપાસ હાથ ધરી છે. પ્રાથમિક અહેવાલોમાં કૌટુંબિક વિવાદની આશંકા વ્યક્ત કરવામાં આવી છે, જોકે ઘટનાનું ચોક્કસ કારણ પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટ થશે. પોલીસ દ્વારા પરિવારજનો અને સ્થાનિક લોકો પાસેથી માહિતી મેળવવામાં આવી રહી છે.

# શ્રીલંકાએ ફોલોઓન બાદ વળતી લડત આપતા ભારત સામે બીજી ટેસ્ટ ડ્રો કરી

**ભારતે ગોલમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચ ૧૬૫ રનથી જીતી હતી**

કોલંબો,તા.૨૭

શ્રીલંકાએ ફોલોઓન રમવા છતાં ભારત સામેની બીજી ટેસ્ટ મેચ ડ્રો કરાવી દીધી છે. આ સાથે ભારતે બે ટેસ્ટ મેચની સિરીઝ ૧-૦થી જીતી લીધી છે. ભારતે ગૉલમાં રમાયેલી પ્રથમ



ટેસ્ટ મેચ ૧૬૫ રનથી જીતી હતી.કોલંબોમાં રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં શ્રીલંકાનો મિડલ ઓર્ડર બેટર સોનલ દિનુષા હીરો રહ્યો હતો. તેણે શ્રીલંકાની બંને ઈનિંગ્સમાં શાનદાર સદી ફટકારી હતી. પ્રથમ ઈનિંગ્સમાં ૧૦૩ રન બનાવ્યા બાદ દિનુષાએ બીજી ઈનિંગ્સમાં પણ અણનમ ૧૩૩ રનની ઈનિંગ્સ રમી હતી.

દિનુષાની સદીની મદદથી શ્રીલંકાએ મેચના અંતિમ દિવસે બીજી ઈનિંગ્સમાં ૯ વિકેટે ૪૨૯ રન બનાવી લીધા હતા. આ સાથે શ્રીલંકાની સરસાઈ ૨૧૬ રનની થઈ હતી. મેચમાં માત્ર ૧૭ ઓવર બાકી રહેતા બંને ટીમોએ પરસ્પર સંમતિથી મેચ ડ્રો કરવાનો નિર્ણય લીધો હતો.

# કેનેડાએ અમેરિકાના ૭૦૦થી વધુ ઉત્પાદનો પર વળતો ટેરિફ લાદ્યો

કિવ, તા.૨૭

અમેરિકા અને કેનેડા વચ્ચે વેપાર તણાવ વધુ ઉગ્ર બન્યો છે. એપીના અહેવાલ મુજબ, કેનેડાએ મંગળવારે સ્ટીલ અને ઘરગથ્થુ ઉપકરણો સહિત અમેરિકાના ૭૦૦થી વધુ ઉત્પાદનો પર વળતો ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. અગાઉ અમેરિકાએ આશરે ૨૦ મિલિયન ડોલરના કેનેડિયન ઉત્પાદનો પર ૫૦ ટકા ટેરિફ જાહેર કર્યો હતો. અમેરિકા અને કેનેડા





વચ્ચે વેપાર વાટાઘાટો નિષ્ફળ ગયા બાદ બંને દેશો વચ્ચે તણાવ વધ્યો છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડિયન વાહનો, ઓટો પાર્ટ્સ અને સ્ટીલ પર વધુ ૫૦ ટકા ટેરિફ લાદવાની ચેતવણી આપી છે. તેમણે કેનેડાને અમેરિકાની નીતિનું પાલન કરવાની પણ અપીલ કરી હતી. બીજી તરફ, કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નેએ અમેરિકાના વલણ સામે આકરી પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે કેનેડાને અમેરિકાના આધીન તરીકે ગણવાનું વલણ સ્વીકારવામાં આવશે નહીં. કાર્નેએ આરોપ લગાવ્યો કે અમેરિકાની વેપાર નીતિ કેનેડાના મહત્વના ઉદ્યોગોને નબળા પાડવાનો પ્રયાસ છે. દરમિયાન, ટ્રમ્પે કેનેડા સાથેના વેપાર સંબંધોને લઈને વધુ કડક વલણ અપનાવ્યું છે. બંને દેશો વચ્ચે વધી રહેલા વેપાર વિવાદથી વૈશ્વિક બજારમાં પણ ચિંતા વધી છે.



# દુધાળામાં 'ગુજરાત ગૌરવ સરોવર'નું ગૃહમંત્રી અમિત શાહના હસ્તે લોકાર્પણ

## રૂ. ૪ કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલા સરોવરમાં ૨૩ કરોડ લિટર પાણી સંગ્રહની ક્ષમતા












અમરેલી,તા.૨૭

લાઠી તાલુકાના દુધાળા ગામ નજીક ગાગડિયો નદી પર ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા નિર્મિત 'ગુજરાત ગૌરવ સરોવર'નું કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમિત શાહે તક્તીનું અનાવરણ પણ કર્યું હતું.લોકાર્પણ પ્રસંગે અમિત શાહે જણાવ્યું હતું કે, અમરેલી પંથકમાં ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા જળસંચય ક્ષેત્રે અદ્દભુત કામગીરી કરવામાં આવી છે. સંસ્થાપક સવજીભાઈ ધોળકિયાએ નદીઓને પુનઃજીવિત કરવા અને તળાવો ઊંડા કરવા માટે લીધેલા સંકલ્પના પરિણામે આજે ગુજરાત ગૌરવ સરોવર સાકાર થયું છે. પરિવારને સાથે રાખીને જળ સંરક્ષણ ક્ષેત્રે કરવામાં આવેલી કામગીરીથી આ વિસ્તારના લોકોનું જીવન વધુ પાણીદાર બન્યું છે.

તેમણે વરસાદી પાણીના સંરક્ષણના મહત્વ પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, વરસાદના ટીપે ટીપાંને યોગ્ય વ્યવસ્થા સાથે જમીનમાં ઉતારવામાં આવે તો ભૂગર્ભજળનું સ્તર વધારી શકાય છે અને દુષ્કાળની સમસ્યાનો સામનો કરવામાં મદદ મળે છે. ગુજરાતમાં અગાઉ પડેલા દુષ્કાળનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાજ્યમાં જળસંચય માટે અનેક મહત્વપૂર્ણ યોજનાઓ અમલમાં મૂકાઈ છે. ચેકડેમ, નર્મદા યોજના અને સૌની યોજના સહિતના પ્રયાસોથી સૌરાષ્ટ્ર-કચ્છ સહિત ગુજરાતના વિવિધ વિસ્તારોમાં પાણીની ઉપલબ્ધતા વધી છે.નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ધોળકિયા ફાઉન્ડેશનને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, વર્ષોથી સુકાઈ ગયેલી નદીઓને પુનર્જીવિત કરવાનું ભગીરથ કાર્ય સવજીભાઈ ધોળકિયા, તેમના પરિવાર અને ફાઉન્ડેશન દ્વારા હાથ ધરાયું છે. કાળઝાળ ગરમીમાં પણ કાર્યકર્તાઓ સાથે ખભેખભા મિલાવીને કરવામાં આવેલી મહેનતના પરિણામે અનેક જળસંચયના કામો સાકાર થયા છે. સમગ્ર ગુજરાતમાં આશરે ૨૦૮ સરોવરોને પુનર્જીવિત કરવાની કામગીરી વંદનીય હોવાનું તેમણે જણાવ્યું હતું.'ગુજરાત ગૌરવ સરોવર' આશરે ૮૦ હજાર ચોરસ ફૂટ વિસ્તારમાં રૂ. ૪ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે. હાલ તેમાં આશરે ૨૩ કરોડ લિટર પાણીનો સંગ્રહ થયો છે. ગાગડિયો નદી પર રાજ્ય સરકાર અને ધોળકિયા




ફાઉન્ડેશનની લોકભાગીદારીથી નદી ઊંડી કરવાની કામગીરી પણ કરવામાં આવી છે. આશરે ૪૦ સરોવરોના નિર્માણથી આસપાસના ૧૦૦થી વધુ ગામોને સીધો લાભ મળવાની શક્યતા છે. જળસંચયના આ કામોથી ભૂગર્ભજળનું સ્તર વધવાની સાથે ખેતી, સિંચાઈ અને પીવાના પાણીની ઉપલબ્ધતામાં પણ ફાયદો થશે.આ પ્રસંગે જીતુભાઈ વાઘાણી, કૌશિકભાઈ વેકરિયા, ગોવિંદભાઈ ધોળકિયા, ભરતભાઈ સુતરિયા, જનક તળાવિયા, મહેશ કસવાલા સહિતના આગેવાનો અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે હેતની હવેલી પરિસર દર રવિવારે જાહેર જનતા માટે ખુલ્લું મૂકવાના નિર્ણયને પણ સવજીભાઈ ધોળકિયાએ આવકાર્યો હતો.

### ૨૦૮ જેટલા સરોવરના નિર્માણના કામ હાથ ધરાયા

ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા દુધાળા નજીક સરોવર અને તળાવો ઊંડા કરી જળસંચય માટે શરૂ કરાયેલું અભિયાન હવે ગુજરાતના અન્ય વિસ્તારોમાં પણ વિસ્તર્યું છે. સંસ્થા દ્વારા કુલ ૨૦૮ જેટલા સરોવર નિર્માણના કામ હાથ ધરવામાં આવ્યા છે, જેમાંથી ૧૯૮ સરોવરનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. અમરેલી ઉપરાંત કચ્છ, મહીસાગર, સિદ્ધપુર, બનાસકાંઠા સહિતના જિલ્લાઓમાં જળસ્રોતોને ઊંડા કરવા અને વરસાદી પાણીનો સંગ્રહ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ અભિયાનથી ભૂગર્ભ જળસ્તર ઊંચું લાવવાનો પ્રયાસ પણ કરવામાં આવી રહ્યો છે. જળસંચયના આ પ્રયાસથી આગામી સમયમાં ખેડૂતો અને ગ્રામજનોને પાણીની સમસ્યામાં રાહત મળવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.

### અમિત શાહે એક સરોવર પોતાના નામે બાકી રાખવાનું કહ્યુ હતુ : સવજી ધોળકીયા

પદ્મશ્રી સવજી ધોળકિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતનું ગૌરવ એવા 'ગુજરાત ગૌરવ સરોવર'નું લોકાર્પણ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે થવું તેમના માટે ગૌરવની વાત છે. તેમણે જણાવ્યું કે, અમિત શાહે અગાઉ તેમને એક સરોવર પોતાના માટે બાકી રાખવાનું કહ્યું હતું. તેમની લાગણીને ધ્યાનમાં રાખીને ભારત માતા સરોવરની બાજુમાં આ સરોવર તૈયાર કરવામાં આવ્યું છે. આજે ૨૭મીએ અમિત શાહના હસ્તે તેનું લોકાર્પણ થવાથી દુધાળા ગામ અને સમગ્ર અમરેલી જિલ્લા માટે આ ગૌરવની ક્ષણ બની છે. આ સરોવર જળસંચય અને વિકાસ માટે પણ મહત્વપૂર્ણ સાબિત થશે.

### ગુજરાત ગૌરવ સરોવરમાં ૨૪ કરોડ લીટર પાણીનો સંગ્રહ થઈ શકશે

ધોળકિયા ફાઉન્ડેશનના નીતિન સાવલિયાએ જણાવ્યું કે 'ગુજરાત ગૌરવ સરોવર' આશરે ૮૦ હજાર ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલું છે અને તેમાં ૨૪ કરોડ લિટર જેટલા પાણીનો સંગ્રહ થઈ શકે છે. સંસ્થા દ્વારા ગુજરાતમાં ૨૦૦ જેટલા સરોવરોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ સરોવરોના કારણે ખેડૂતોને મોટો લાભ મળી રહ્યો છે. વરસાદ ખેંચાય તેવી પરિસ્થિતિમાં પણ સરોવરમાં સંગ્રહિત પાણીના કારણે ખેડૂતોને પાક માટે પાણી મળી રહે છે. જેના કારણે પાકને પણ ફાયદો થઈ રહ્યો છે. જળસંચયના આ પ્રયાસથી ખેડૂતોને સિંચાઈ માટે પાણીની ઉપલબ્ધતા વધતા ખેતીમાં પણ રાહત મળી રહી છે.

# નેપાળપૂરમાં રાજયના ૧૨ પ્રવાસીઓ લાપતા બન્યા હોવાથી બચાવ કામગીરી શરૂ

નેપાળ,તા.૨૭

નેપાળમાં ભારે વરસાદ અને પૂરના કારણે સર્જાયેલી વિકટ પરિસ્થિતિ વચ્ચે ગુજરાતના ૧૨ નાગરિકો ગુમ થયાના અહેવાલ મળ્યા છે. આ લાપતા મુસાફરોમાં અમદાવાદ અને સુરતના ૩-૩, વડોદરા તથા આણંદના ૨-૨ અને રાજકોટ તેમ જ વલસાડના ૧-૧ વ્યક્તિનો સમાવેશ થાય છે. આ તમામની




શોધખોળ માટે નેપાળ સરકાર અને સ્થાનિક બચાવ ટુકડીઓએ યુધ્ધધોરણે કામગીરી શરૂ કરી છે.બીજી તરફ, નેપાળના પ્રવાસે ગયેલા નવસારીના ૪ યુવાનો મુશ્કેલી વધે તે પહેલાં સમયસૂચકતા વાપરીને સહીસલામત વતન પરત ફરતાં પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો છે. આ ઉપરાંત, રાજકોટના ૧૨૦ શ્રધ્ધાળુઓ કૈલાશ માનસરોવરની યાત્રાએ જવાના હતા. જોકે, કોઈ કારણસર તેમનો પ્લાન રદ થતાં તેઓ આ દુર્ઘટનામાંથી આબાદ બચી ગયા છે અને ઈશ્વરનો આભાર માની રહ્યા છે.

# અમદાવાદમાં બ્લડ પ્રેશરની નકલી દવાનો જથ્થો ઝડપાતા ખળભળાટ

**૧૨૦૦ સ્ટ્રીપ કબજે, પાર્શ્વ મેડિકલ સ્ટોરના માલિક સહિત ત્રણની ધરપકડ**

અમદાવાદ,તા.૨૬

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે સંયુક્ત કામગીરી કરીને શહેરમાંથી બ્લડ પ્રેશરની નકલી દવાનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે શહેરના વિવિધ વિસ્તારોમાંથી રૂ. લાખોની કિંમત ધરાવતી ૧,૨૦૦ જેટલી નકલી દવાની સ્ટ્રીપ જપ્ત કરી છે. આ ગેરકાયદે પ્રવૃત્તિ બદલ પાર્શ્વ મેડિકલ



સ્ટોરના સંચાલક દર્શીલ સંઘવી સહિત દેવેન્દ્ર યાદવ અને ઉમંગ રસ્તોગી નામના આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે છેલ્લા ચાર મહિના દરમિયાન આશરે ૧,૫૦૦ જેટલી નકલી દવાની સ્ટ્રીપ દર્દીઓને વેચાઈ ચૂકી હતી. એક સ્ટ્રીપમાં ૧૦ ગોળીઓ હોવાથી અંદાજે ૧૫,૦૦૦ જેટલી નકલી ગોળીઓ નિર્દોષ દર્દીઓ સુધી પહોંચી ગઈ હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે, જે આરોગ્ય માટે ગંભીર જોખમ ઊભું કરે છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ઊંડાણપૂર્વકની તપાસમાં સામે આવ્યું છે કે આ નકલી દવાનો જથ્થો ઉત્તર પ્રદેશના લખનઉથી સપ્લાય કરવામાં આવતો હતો. અમદાવાદ સ્થિત પાર્શ્વ મેડિકલ સ્ટોર દ્વારા શહેરના અન્ય ૧૧ જેટલા મેડિકલ સ્ટોર્સમાં આ જોખમી દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. હાલમાં પોલીસે સમગ્ર રેકેટનું મૂળ સુધી પહોંચવા વધુ તપાસ હાથ ધરી છે.

## વડાપ્રધાન મોદી ૮ સપ્ટેમ્બરે નવસારીમાં 'નમો કમલમ'નું લોકાર્પણ કરશે

નવસારી,તા.૨૭

આગામી ૮ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી નવસારીમાં દેશના પ્રથમ છૈં સુસજ્જ જિલ્લા ભાજપ કાર્યાલય 'નમો કમલમ'નું ઉદ્‌ઘાટન કરશે. રૂ.૧૦ કરોડના ખર્ચે બનેલું આ આધુનિક કાર્યાલય ગ્રીન એનર્જી અને હાઈટેક સુવિધાઓથી સજ્જ છે.

